૨

# વૈરાગ્યરસના ઉદ્ગાતા
# શ્રીસિદ્ધર્ષિ ગણિ

મુનિ શ્રીધર્મકીર્તિવિજયજી ગણિ



શાસનસમ્રાટ ભવન ગ્રંથમાલા - ૧૧
(ગુરુગુણગાનમય પ્રવચનમાળા : સંપૂટ-૨)

# વૈરાગ્યરસના ઉદ્‌ગાતા
# શ્રીસિદ્ધર્ષિ ગણિ

: પ્રવચનકાર :
મુનિ શ્રીધર્મકીર્તિવિજયજી ગણિ

: પ્રકાશક :
શ્રીભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ, ગોધરા
વિ.સં. ૨૦૭૨ ઈ.સ. ૨૦૧૬

વૈરાગ્યરસના ઉદ્ગાતા શ્રી સિદ્ધર્ષિ ગણિ

વક્તા : મુનિ શ્રીધર્મકીર્તિવિજયજી ગણિ

પ્રવચન - સમય તથા સ્થળ :
માગસર વદિ -૮, સં. ૨૦૭૨
તા. ૨-૧-૨૦૧૬, શનિવાર, સાબરમતી - અમદાવાદ

નિશ્રા : આચાર્ય શ્રીવિજયશીલચન્દ્રસૂરિજી મહારાજ

પ્રત : ૧૦૦૦

© સર્વાધિકાર સુરક્ષિત

પ્રકાશક : શ્રી ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ
C/o. યશોભદ્ર શુભંકર જ્ઞાનશાળા
જૈન સોસાયટી, ગોધરા (પંચમહાલ) - ૩૮૯૦૦૧

પ્રાપ્તિસ્થાન : ૧) સરસ્વતી પુસ્તક ભંડાર
૧૧૨, હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૧
ફોન : ૦૭૯-૨૫૩૫૬૬૯૨
૨) શ્રીવિજયનેમિસૂરિ જૈન સ્વાધ્યાયમંદિર
૧૨, ભગતબાગ, જૈનનગર, પાલડી,
અમદાવાદ-૭ ફોન : ૦૭૯-૨૬૬૨૨૪૬૫
૩) શ્રીવિજયનેમિસૂરિ જ્ઞાનશાળા
શાસનસમ્રાટ ભવન, હઠીભાઈની વાડી,
દિલ્હી દરવાજા બહાર, શાહીબાગ રોડ,
અમદાવાદ-૪. ફોન : ૦૭૯-૨૨૧૬૮૫૫૪

મૂલ્ય : ₹ ૨૦૦-૦૦ (સેટ) એક પુસ્તકનું ₹ ૪૦-૦૦

મુદ્રક : કિરીટ ગ્રાફિક્સ - ફોન : ૦૭૯-૨૫૩૩૦૦૯૫

# પ્રકાશકીય

અમારા પરમ ઉપકારી ગુરુભગવંત શ્રીવિજયસૂર્યોદય-સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં, તેઓના શિષ્ય શ્રીવિજયશીલચન્દ્ર-સૂરિજીની પ્રેરણા અનુસાર સ્થાપવામાં આવેલા અમારા ટ્રસ્ટના ઉપક્રમે આજ સુધીમાં ઘણાં પુસ્તકો પ્રકાશિત થયેલાં છે.

તે શૃંખલામાં આજે આ પ્રવચનમાળાની પુસ્તિકાઓનો બીજો સંપુટ પ્રકાશિત કરવાનો લાભ અમને મળ્યો છે, તે માટે અમો પૂજ્ય આચાર્યશ્રીના અત્યંત ઋણી રહીશું. વિશેષ કરીને, નવી શરૂ થયેલી 'શાસનસમ્રાટ ભવન ગ્રંથમાળા'નાં પ્રથમ છ પ્રકાશનો અમારા ટ્રસ્ટના ઉપક્રમે થયાં હતાં. અને તે જ શૃંખલાનાં આગળનાં પ્રકાશનો પણ અમારા ટ્રસ્ટના ઉપક્રમે થાય છે, તેનું અમારે મન ઘણું ગૌરવ છે.

આ પ્રકાશનમાં શ્રીસાબરમતી-રામનગર જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - અમદાવાદ તરફથી પોતાના જ્ઞાનખાતામાંથી ઉદાર આર્થિક સહયોગ મળ્યો છે, તે માટે તેઓનો પણ અમો આભાર માનીએ છીએ.

સુઘડ મુદ્રણ માટે કિરીટ ગ્રાફિક્સનો આભાર માનીએ છીએ.

લિ.
શ્રીભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ, ગોધરા
-નો ટ્રસ્ટીગણ

# પ્રાસંગિક

સં. ૨૦૭૨ના વર્ષે માગસર માસમાં સાબરમતીરામનગરના શ્રીસંઘની વિનંતીથી ત્યાં જવાનો યોગ થયો. સંઘના મોભીઓની ભાવના હતી કે તમે સૂરત, વડોદરા વગેરે સ્થાને પ્રવચનમાળા ગોઠવી તેવી અમારે ત્યાં પણ ગોઠવો. અમારે સાંભળવું છે. એમની એ ભાવનાને અનુરૂપ અમે એક પ્રવચનમાળા ગોઠવી, અને બધા મુનિઓએ જે ભિન્ન ભિન્ન મહાપુરુષો વિષે પ્રવચનો આપ્યાં તે બધાં આ પુસ્તિકાઓના રૂપમાં હવે પ્રગટ થઈ રહ્યાં છે.

૨૦૭૧ના ચાતુર્માસમાં વડોદરા-અકોટા ઉપાશ્રયમાં પણ આવી પ્રવચનમાળા યોજાઈ હતી. અને કેટલાક વિષયો યથાવત્ રાખીને તે જ પ્રવચનમાળા સાબરમતીમાં પણ યોજાઈ. તે બંને સ્થાનનાં પ્રવચનોનું સંકલન આ પુસ્તિકાઓમાં થયું છે, અને તે રીતે એક સુંદર પ્રવચનશ્રેણિ તૈયાર થઈ છે.

પ્રવચનમાળાના બહાને આપણને મહાન જ્યોતિર્ધર પૂજ્ય પુરુષોના ગુણગાનની અનુપમ તક મળી તેનો ઘેરો આનંદ છે. સાથે જ અન્ય બાહ્યપ્રવૃત્તિરૂપ-અનુષ્ઠાનોને બદલે આવાં અન્તર્મુખતા વધારનાર અનુષ્ઠાનો પણ સફળ થઈ શકે છે તેનો અહેસાસ હૈયે છે જ.

આ પૂર્વે પ્રકાશિત થયેલા પ્રવચનમાળાના પ્રથમ સંપુટને ચતુર્વિધ શ્રીસંઘ તરફથી ઘણો જ આવકાર મળ્યો છે. અને અનેક જિજ્ઞાસુ જીવો તેના વાંચનથી લાભાન્વિત થયા છે. તેઓની ઘણા સમયથી તે પ્રકારના અન્ય પ્રકાશનો માટેની માંગણી હતી. જિજ્ઞાસુઓની એ શુભ ભાવનાનો પ્રતિસાદ આપ્યાના આનંદ સાથે.

આષાઢ, ૨૦૭૨ — - શીલચન્દ્રવિજય

# ભૂમિકા

**વિજયશીલચન્દ્રસૂરિ**

શ્રીવીર પરમાત્માના મંગલમય શાસનને, પોતાનાં જ્ઞાન, સ્વાધ્યાય, ગ્રંથ સર્જન એ બધાં દ્વારા, અજવાળનારા અગણિત મહાપુરુષો આપણા ઈતિહાસના પાને નોંધાયેલા મળે છે. એ સર્વ મહાત્માઓની પહેલી ભૂમિકા આત્મસાધનાની રહી છે. પોતાના આત્માનું સાધન કરવું, કલ્યાણ કરવું એ જ એમનો મુખ્ય આશય છે. આત્માનું કલ્યાણ કરવાના એક ભાગરૂપે એમણે ગ્રંથો રચ્યા. એ દ્વારા એમણે લોકોને બોધ આપ્યો. એમના માટે, બીજાને બોધ આપવો એ પણ, આત્મકલ્યાણનું માધ્યમ. બીજાઓનું જ્ઞાન વધે તેવા ગ્રંથોની રચના કરવી એ પણ આત્મકલ્યાણનું સાધન.

એટલે જ જ્યાં જ્યાં ગ્રંથની પૂર્ણાહુતિ થાય ત્યાં એ લોકો એક જ માગણી કરે કે આ ગ્રંથની રચના દ્વારા મેં કોઈપણ પુણ્ય જો ઉપાર્જન કર્યું હોય, તો એ પુણ્યના પ્રભાવ વડે જગતના તમામ લોકોને મોક્ષ મળજો ! બસ, આ જ એમની પ્રાર્થના !

પ્રાર્થના કરતાંય આવડવી જોઈએ. મારી પ્રાર્થનાથી તમને મોક્ષ નથી મળતો એ સાચું. પણ મારી પ્રાર્થનાથી મને તો મોક્ષ મળે જ. પરંતુ મારા મોક્ષ માટે પણ પ્રાર્થના કરતાં મને આવડતી નથી, એ મુશ્કેલી છે.

આજે આપણે વાત કરવાની છે શ્રીસિદ્ધર્ષિ ગણિ ભગવંતની. એક સિદ્ધસેન દિવાકરસૂરિની વાત આપણે કરી, હવે બીજા સિદ્ધસેન એટલે કે સિદ્ધર્ષિની વાત કરવાની. તેઓ 'ગણી' છે. ગણી એટલે આચાર્ય. પોતાના બધા જ પ્રભાવ અને તેજને છાવરીને - આચ્છાદન કરીને બેઠેલા આ મહાત્મા છે. પોતાનો પ્રભાવ ક્યાંય પ્રદર્શિત કરતા નથી, તો પ્રભાવ વધે એવો કોઈ પ્રયત્ન પણ કરતા નથી. માત્ર પોતાના આત્મામાં ખોવાઈ જાય છે.

એમના ગુરુઓનાં નામ પણ જાણવા જેવાં છે. દેલ્લ મહત્તર નામના એક ગણી, એટલે કે આચાર્ય ભગવંત થયા. તેમના શિષ્ય હતા દુર્ગ મહત્તર. એમના શિષ્ય સદર્ષિ ગણી, અને એમના શિષ્ય છે સિદ્ધર્ષિ ગણી.

એમણે 'उपमितिभवप्रपंचा कथा' નામે ગ્રંથનું સર્જન કર્યું. જગતની સૌથી પહેલી નવલકથા. Novel નામનો સાહિત્ય પ્રકાર એ પશ્ચિમની નીપજ છે, પશ્ચિમનું પ્રદાન છે, એમ તમે વિચારતા હો તો જરા સબૂર કરવું પડે. વિશ્વ સાહિત્યની સૌથી પહેલી અને તે પણ રૂપકાત્મક નવલકથા છે આ ઉપમિતિ ભવ પ્રપંચા કથા.

વિક્રમના ૧૦ મા સૈકામાં તે ગ્રંથ રચાયો છે. જ્યારે અંગ્રેજોએ કે તે વખતની પશ્ચિમી દુનિયાએ આવા સાહિત્યની કોઈ કલ્પના ય નહોતી કરી, ત્યારે આવા અમારા આચાર્યો આવા નવલ-ગ્રંથો રચતા હતા. અલબત્ત, બધા શ્રાવકો આ

ગ્રંથના નામથી પરિચિત હોવા છતાં આપણે ત્યાં આ ગ્રંથનો જોઈએ તેવો પ્રચાર - પ્રસાર નથી. જૈનોની આ ક્ષમતા બહુ પાંખી છે. આપણે આને વિશ્વસાહિત્યની કક્ષાએ લઈ જઈ શક્યા નથી. તેવું કરવાની આપણી પાસે કોઈ ફાવટ કે આવડત પણ નથી. પણ આ ગ્રંથને જો વૈશ્વિક કક્ષાએ મૂકી શકીએ તો ચાર ચાંદ લાગે.

આના પ્રણેતા છે સિદ્ધર્ષિ ગણી. એ હરિભદ્રસૂરિ મહારાજના ૨૦૦ વર્ષ પછી થયા છે, પણ એ તેઓના કેવા 'ફેન' - ચાહક હતા તે અને હરિભદ્રસૂરિનો તેમના ઉપર કેવો ઉપકાર થયો હતો તે બધી વાતો જાણવા લાયક છે.

કથાના વિષયની વાત વિચારીએ તો, એક આત્મા ૮૪ ના ચક્કરમાં પરિભ્રમણ કરતો, અનંત પુદ્‌ગલ પરાવર્ત કાળથી, ભવિતવ્યતાના યોગે, ક્યાં ક્યાં ભમે ? ભમતાં ભમતાં કઈ કઈ સ્થિતિમાં - ગતિમાં - જગ્યાએ, કેવા કેવા રૂપમાં અને વેષમાં, કેવાં કેવાં નામે પેદા થાય - પ્રગટ થાય ? ત્યાં કેવા કેવા રોલ ભજવે - અભિનય કરે, નાટક કરે ? તેની વાત આ કથામાં આવે છે.

આ કથા ખરેખર તો આત્મકથા છે, એક દ્રમ્મકની આત્મકથા, દ્રમ્મક એટલે ભિખારી, દ્રમ્મ એટલે એક પ્રકારનો ચલણી સિક્કો, પાઈ કે પૈસો, એની-એકેક દ્રમ્મની ભીખ માગે તેનું નામ દ્રમ્મક. એવો એક દ્રમ્મક અર્થાત્ સ્વયં સિદ્ધર્ષિ ગણી; હા, સિદ્ધર્ષિ ગણી પોતાને જ દ્રમ્મક ગણાવે છે અને તે રૂપે આલેખે છે; તે પોતાની આત્મકથા માંડે છે. અને તે એક ભવની નહિ, પણ પોતાની સમગ્ર ભવસ્થિતિની કથા, પોતાની કાયસ્થિતિની અને ભવચક્રના પરિભ્રમણની કથા.

ભવિતવ્યતાની કૃપાથી પોતે સૂક્ષ્મ અવ્યવહાર નિગોદમાંથી નીકળીને ક્યાં ક્યાં ફર્યા છે, અને કેવી રીતે મનુષ્યગતિ સુધી પહોંચ્યા; ત્યાંથી વળી પાછા તેઓ નીચે જાય, વળી પાછા ઊંચે આવે - એ આખી કથાનો પ્રપંચ કે વિસ્તરણ એટલે આ આત્મકથા.

આને નવલકથા ગણો તો નવલકથા, આત્મકથા ગણો તો આત્મકથા, અને ભવકથા ગણો તો ભવકથા : વિશ્વસાહિત્યમાં આ પહેલી કથા છે - રૂપકાત્મક અને પ્રતીકાત્મક. એ કથાના નાયક કે મુખ્ય પાત્ર તે સિદ્ધર્ષિ પોતે. એ જેમ પોતાને આ કથાના નાયક ગણે છે તેમ હું અને તમે આપણે બધાયે આપણને પોતાને આ કથાના નાયક ગણી શકીએ.

એવી કથા, અમર રચનારૂપ કથા, અને તે મહાપુરુષે દીક્ષા કેવી રીતે લીધી તેની વાતો આજે આપણે ધર્મકીર્તિવિજયજી પાસેથી સાંભળીએ.

❖

# વૈરાગ્યરસના ઉદ્‌ગાતા
# શ્રી સિદ્ધર્ષિમહારાજ

ગણિ ધર્મકીર્તિવિજયજી

श्रीसिद्धर्षिप्रभोः पान्तु वाचः परिपचेलिमाः ।
अनाद्यविद्यासंस्कारा यदुपास्तेर्भिदेलिमाः ॥

આ લોકોત્તર શાસન આત્મકલ્યાણનું શાસન છે. આ શાસનમાં આત્મકલ્યાણ સિવાયની કોઈ વાતને સ્થાન નથી, કોઈ જ વાતનું મૂલ્ય પણ નથી. મારા પરમાત્માએ પ્રત્યેક જીવને લક્ષ્યમાં રાખીને અનેકવિધ આત્મલક્ષી અનુષ્ઠાનો બતાવ્યાં છે. જેની જેવી રુચિ, જેવી જેવી ભૂમિકા - તેને અનુરૂપ અનુષ્ઠાનો બતાવ્યાં છે.

જે ક્રિયા કરતાં દોષોની શિથિલતા દ્વારા ચિત્તની શુદ્ધિ અને ગુણોની વૃદ્ધિ દ્વારા ચિત્તની પુષ્ટિ થાય તે પ્રત્યેક ક્રિયા અનુષ્ઠાન બની જાય.

પૂજ્યપાદ શ્રીહરિભદ્રસૂરિજી ષોડશક પ્રકરણમાં જણાવે છે -

पुष्टिः शुद्धिश्च चित्तस्य ।

આ સંદર્ભથી વિચારીએ તો શ્રવણ, તે પણ એક શુભ અનુષ્ઠાન બની જાય છે. સાંભળતાં સાંભળતાં મનની મલિનતા દૂર થાય, અને પરમાત્માના શાસન ઉપર અહોભાવ જાગે તો વ્યાખ્યાન શ્રવણ પણ આત્મલક્ષી અનુષ્ઠાન બની જાય છે.

આપણા સંઘમાં પંચ દિવસીય ગુરુગુણગાનનો ઉપક્રમ કર્યો છે, તે ખૂબ આનંદની વાત છે. આજે આ પાટ ઉપર બિરાજમાન ગુરુભગવંતને લાખ લાખ નહિ પણ કોટી કોટી વંદન કરવા જોઈએ. મારા ગુરુદેવ છે માટે નહી, પણ આ સમાજને એક નવી દૃષ્ટિનું પ્રદાન કર્યું છે માટે. પ્રત્યેક આત્મલક્ષી અનુષ્ઠાન કર્મનિર્જરાનું કારણ બને જ, પરંતુ આ અનુષ્ઠાન, વિકાસના નામે સંસ્કારના પતન તરફ ખૂબ ઝડપથી આગળ વધી રહેલ યુવા પેઢી માટે વિશેષ લાભદાયી બની રહેશે.

મા-બાપને ભૂલશો નહિ, કે પછી તમાકુ-બીડી છોડો - આવું તમને આ પાટ ઉપરથી કહેવું પડે છે તે તો અમારી શરમ છે. બીજું, હવે આ યુવાનોની માંગ છે કે "ગુરુદેવ ! અમને કંઈક એવું આપો કે જેને કારણે અમારા હૈયામાં શાસન માટેની ખુમારી જાગે, આ પવિત્ર શાસન માટે, શાસન રક્ષક મહાપુરુષો પ્રત્યે અહોભાવ વધે- દૃઢ બને. બાકી, આ સામાજિક વાતો તો બહારથી ખૂબ મળે છે." આવા સમયે આવા મહાપુરુષોની વાતો સાંભળશે ત્યારે તેમને ખ્યાલ આવશે કે - અમારા પૂર્વજો કેવા હતા, શાસન માટે કેવાં કેવાં કાર્યો કર્યાં, કેવી કેવી વિટંબણાઓ વચ્ચે પણ શાસનની રક્ષા કરી અમારા સુધી પહોંચાડ્યું. અને તો અવશ્ય આ મહાપુરુષો માટે અહોભાવ જાગશે અને શાસન માટે કંઈક કરવાની તમન્ના પણ જાગશે.

આપણે બધા બહુ જ સુખદ કાળમાં બેઠા છીએ, તેથી આ મહાપુરુષોનું મૂલ્ય નહિ સમજાય, પરંતુ ભૂતકાળ તપાસીશું ત્યારે જણાશે કે આ મહાપુરુષોએ કેવા વિષમકાલમાં શાસન રક્ષા કરીને આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે.

વિચારો તો ખરા કે - ૨૬૦૦-૨૬૦૦ વર્ષ વીત્યા પછી પણ પ્રભુએ જે માર્ગની આરાધના કરી હતી તે જ માર્ગની આરાધના આપણે આનંદથી કરી શકીએ છીએ, કોઈ ફેરફાર વિના એ જ તપધર્મ, એજ ચારિત્રધર્મ આપણને વારસામાં મળ્યો.

વાહ ! મારા પ્રભુ જે સંયમપંથે વિચર્યા હતા તે જ માર્ગે વિચરનારા, મારા પ્યારા પરમાત્માની કંઈક અંશે પ્રતિકૃતિ સ્વરૂપ શ્રમણ-શ્રમણી ભગવંતોના દર્શન-વંદન કરી શકીએ છીએ.

આ ઉપકાર આ મહાપુરુષોનો છે. પરંતુ આપણું દુર્ભાગ્ય કે આ યશસ્વી - ઉજ્જવલ પરંપરાને આપણે સહુ ભૂલી ગયા છીએ. આ મહાપુરુષોનાં નામ, કામ બધું જ આપણા માનસપટ પરથી વિલીન થઈ ગયું છે. આ વિસરાતી જતી-ભૂલાતી જતી મહાન શ્રમણ પરંપરાને આ પ્રવચનમાળાના બહાને સમાજ સામે મૂકવામાં આવી છે. આપણને હેમચંદ્રાચાર્યજી, યશોવિજયજી જેવા પ્રચલિત મહાપુરુષોનાં નામ, કામ યાદ હશે. બાકી દિવાકરજી, સિદ્ધર્ષિ જેવા ગુરુભગવંતોનાં નામ પણ ઘણા લોકોને ખબર નહિ હોય ! તો તેમણે કરેલાં કાર્યોની તો શી વાત કરવી ? બરોબર છે ને મારી વાત. એક ગુરુભગવંતને યાદ કરવા સાથે બીજા પણ અનેક ગુરુભગવંતોનાં નામ, તેમણે કરેલ શાસન સેવા, સાહિત્ય સર્જન - આ બધી બાબતોનો બોધ પણ થશે. મને ખબર છે તમે ચરિત્રો, શાસ્ત્રગ્રંથો વાંચવાના નથી. પરંતુ, આ પ્રવચનના બહાને આ બધી વાતો સાંભળવા મળશે. અને કોઈક વાત અપીલ કરી જશે કોઈકને ! તો હરિભદ્રજીની જેમ કોઈક આત્મા પાછો સ્થિર થશે તો બહુ મોટો

લાભ છે. આમ, બદલાતી સમાજની તાસીર જોતાં લાગે છે કે આ અનુષ્ઠાન બહુ ઉપયોગી છે.

નામ લેતાં હૈયું ભરાઈ જાય, મસ્તક સહજપણે ઝૂકી જાય તેવા અનેક મહાપુરુષો - ગુરુભગવંતો આ શાસનમાં થયા છે. આ દરેક ગુરુભગવંતોનું મુખ્ય લક્ષ્ય હતું આત્મકલ્યાણ. આ વાતને મુખ્ય રાખી શાસનસેવા, શાસનરક્ષા શાસનપ્રભાવના કરતા હતા. આ ગુરુભગવંતોની ખૂબી એ હતી કે તેઓએ શાસનસેવા - પ્રભાવના માટે પોતાનું નામ, કામ તેમજ મહત્તા બધું જ ગૌણ કર્યું છે. એક વાત નક્કી સમજજો કે જે માણસ પોતાનું નામ, કામ, સમુદાય ગૌણ કરી શકે તે જ શાસન પ્રભાવના કરી શકે છે, બાકી પોતાના સમુદાયનું આધિપત્ય સ્થાપવાની લાલસામાં રમનારા ક્યારેય શાસનપ્રભાવના નહિ કરી શકે. હા, શાસનપ્રભાવનાના નામે સ્વપ્રભાવના ચોક્કસ કરી શકે.

આજે સમાજમાં શું ચાલે છે ! ગાડી તદ્દન રિવર્સમાં ચાલે છે. તે સમયમાં એવું હતું કે દરેક પ્રવૃત્તિના કેન્દ્રમાં હતું શાસન. પોતાની જાતને ગૌણ રાખતા હતા. તે મહાપુરુષો શાસનના અસ્તિત્વમાં જ પોતાનું અસ્તિત્વ માનતા હતા. શાસનના અસ્તિત્વમાં જ પોતાની અસ્મિતા, સ્વકર્તૃત્વને સમાવી લીધું હતું. આજે શાસન ગૌણ છે. હું, મારો સમુદાય મુખ્ય છે. મારી નામના કે સમુદાયની નામના - મહત્તા માટે જે કરવું ઘટે તે બધું જ કરવા તૈયાર છીએ. પછી ભલે શાસનનું જે થવું હોય તે થાય. જ્યાં સુધી આપણા મનમાં ઘર કરી ગયેલી આ માન્યતા નહિ બદલાય ત્યાં સુધી શાસનરક્ષા, શાસનપ્રભાવનાની વાતો બહુ જ દૂર છે.

આ ગુરુભગવંતોનો દેહપિંડ જ અનોખી માટીનો બનેલો હતો. અને તેથી જ આજે આટલાં વર્ષો, સૈકા પસાર થઈ ગયા

પછી પણ તેમને યાદ કરીએ છીએ. તેમનું નામ આનંદ, ગૌરવથી લઈએ છીએ. આ જ જીવનની સફળતા - સાર્થકતા છે. 'ગની' યાદ આવે છે -

જીવનનો એ જ સાચો પડઘો છે 'ગની'
હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે.

આજે દશમા સૈકામાં થયેલા એક મહાપુરુષની વાત કરવાની છે. જેમના વાક્યે વાક્યે વૈરાગ્યનો બોધ ઝરે છે, એવા સર્વશાસ્ત્ર વિશારદ, અજોડ દાર્શનિક તેમજ સમૃદ્ધ-સાહિત્યસર્જક શ્રીસિદ્ધર્ષિ ગણિ મહારાજાને યાદ કરવાના છે. જ્ઞાનવિષયક પ્રત્યેક ક્ષેત્રમાં આ ગુરુભગવંતનો પ્રવેશ છે. આગમ, ન્યાય, કોશ, દર્શન, કે વ્યાકરણનો વિષય હોય, કે પછી જ્યોતિષ, આરોગ્ય કે નીતિ, રાજ્ય, યુદ્ધનો વિષય હોય -આ દરેક વિષય ઉપર તેમનું જબરજસ્ત પ્રભુત્વ હતું. સૌથી વધુ મહત્વની ઘટના એ છે કે તેઓશ્રી માનવીય મનના પ્રબલ - અઠંગ અભ્યાસી હતા. માટે જ માનવીય મનના પ્રતિબિંબ સમ 'ઉપમિતિ' જેવા ભવ્ય ગ્રંથનું સર્જન કરી શક્યા હતા. આમ, તેમને 'મોબાઈલ લાઈબ્રેરી' તરીકે ઉપમા આપવામાં લેશ પણ અતિશયોક્તિ નહિ થાય.

આવા સિદ્ધર્ષિ મહારાજાના સાહિત્ય સર્જન વિષે વાત કરતાં પૂર્વે તેમના જીવન ઉપર થોડી નજર નાંખી જઈએ.

સિદ્ધર્ષિ એટલે ખુમારીનું પ્રતીક.

સિદ્ધર્ષિ એટલે પ્રતિજ્ઞા પાલનમાં મેરુસમ નિશ્ચલ.

જે ધરતી અનેક અનેક ધર્મપુરુષો, વીર પુરુષો અને રાજપુરુષોના જન્મથી ધન્ય બની છે તે ધન્ય ધરા એટલે ગુજરાત ભૂમિ. તેમાં ભિન્નમાલ નામે નગર હતું. તે નગર ઉપર શ્રીવર્મલાત રાજાની આજ્ઞા પ્રવર્તી રહી હતી. તે રાજાને ન્યાય અને નીતિસંપન્ન સુપ્રભદેવ નામે મંત્રીશ્વર હતો. તે મંત્રીશ્વરને

બે પુત્ર હતા. દત્ત તેમજ શુભંકર. શુભંકરનાં પત્નીનું નામ હતું - લક્ષ્મીદેવી. તેમને એક પુત્ર હતો - સિદ્ધ - આપણા ચરિત્રનાયક.

અપાર સંપત્તિ છે, સાથે એકનો એક દીકરો હોવાને કારણે સિદ્ધ ખૂબ લાડકોડમાં ઊછરી રહ્યો છે. યુવાનવય થતાં ધન્યા નામની કુલીન - સંસ્કારી કન્યા સાથે લગ્ન કરવામાં આવ્યા છે. સિદ્ધ દૈવી સુખનો અનુભવ કરવા સાથે આનંદથી જીવન પસાર કરી રહ્યો છે.

બન્યું એવું કે એકનો એક દીકરો, અપાર સંપત્તિ, ઘરમાં કોઈ પૂછનાર હતું નહિ. પરિણામે સિદ્ધ જુગાર રમવાની લતે ચડી ગયો. ભાઈ ! યુવાની, સંપત્તિ અને પ્રભુત્વ - આ ત્રણ વાનાં ભેગાં થયા પછી જીવનમાં અનર્થ ન થાય તો જ આશ્ચર્ય.

આપણા સમાજમાં શ્રેષ્ઠીપુત્ર કે ધનિકપુત્રને ખાનદાન, સંસ્કારી માનવામાં આવે છે, પણ તે મોટી ભ્રમણા છે. કહેવાતા ખાનદાન કુટુંબનાં નબીરાઓએ આ સમાજમાં જેટલી ખાનાખરાબી કરી છે તેટલી ગરીબ ઘરના યુવાનોએ નથી કરી. કારણ કે ગરીબના બાળકોને તો સાંજે શું ખાવું તેની ચિંતા હોય છે જ્યારે શ્રેષ્ઠિપુત્રોને પૈસા ક્યાં નાંખવા તેની ચિંતા હોય છે. તેથી તેમના જાતજાતના મોજશોખો પોષાતા હોય છે.

અહીં મંત્રીપુત્ર સિદ્ધને જુગારનું વ્યસન પ્રતિદિન વધતું જ ગયું. ધીમે ધીમે લાજ-શરમ પણ છૂટી ગઈ. ઉન્માર્ગે ચડેલો સિદ્ધ ખાવાનું, પીવાનું ભૂલ્યો, પરિવારની પ્રતિષ્ઠા સાથે મા-બાપને પણ ભૂલ્યો, હર ક્ષણ પોતાની પ્રતીક્ષામાં ઉજાગરા કરતી રૂપવતી ધન્યાને પણ ભૂલ્યો. ગમે ત્યારે મન થાય ત્યારે ઘરે આવે છે. ૧૧ વાગે, ૧૨ વાગે તો ક્યારેક ૨ વાગે ઘરે આવે છે. મિત્રો રોકે છે, ટોકે છે. પરંતુ એકવાર ખોટી આદત પડી ગયા પછી તેને છોડવી ખૂબ મુશ્કેલ છે.

આ તરફ ધન્યા રડે છે, કકળાટ કરે છે. દરરોજ રાત્રે રાહ જોઈને બેસી રહે છે. ઉજાગરા વધતા જાય છે. પ્રતિદિન થતી નિદ્રાભંગની અસર શરીર ઉપર થવા માંડી છે. કામમાં શિથિલતા આવી રહી છે. તેથી સાસુબા ઠપકો આપે, કડવાં વચનો પણ કહે છે. પરંતુ ધન્યા કશું બોલતી નથી. સાસુબા ચતુર હતા. તે વિચારે છે - આ કુલીન વહૂએ ક્યારેય કામમાં આળસ નથી કરી, હમણાં કેમ આવું કરે છે. તેથી અત્યંત વ્હાલથી, માના વાત્સલ્યથી પૂછે છે - બેટા ! સાચું બોલ, સાચી વાત મને જણાવ.

જોજો, ખાનદાન સ્ત્રી ક્યારેય પોતાના પતિ, ઘરનું ખરાબ ન બોલે, ઘસાતું ન બોલે. ધન્યા જવાબ નથી આપતી. પરંતુ સાસુબાએ જ્યારે વારંવાર પૂછવા માંડ્યું ત્યારે ધન્યાની આંખમાંથી આંસુ પડી જાય છે. રડતાં રડતાં કહે છે - બા ! શું કહું ? સિદ્ધ ખોટી લાઈને ચડી ગયો છે. દરરોજ રાત્રે બહુ મોડો આવે છે, તેથી ઊજાગરા થાય છે.

સાસુબા કહે - બેટા, આજ સુધી કેમ ન બોલી ? હવે તું ચિંતા ન કરીશ. હું સંભાળી લઈશ. આજથી તું ઊંઘી જજે, હું જાગીશ.

લક્ષ્મીબા જાગતા બેઠા છે. રાત્રિના ૨ વાગ્યાની આસપાસ બારણે ટકોરા પડે છે. લક્ષ્મીબા કહે - કોણ ?

સિદ્ધ - અવાજ ઓળખી જાય છે. દરરોજનો આવતો જાણીતો અવાજ નથી.

સમજી ગયો. આ અવાજ માતાજીનો છે. તેથી કહે - મા ! સિદ્ધ.

મા કહે - મારો દીકરો સિદ્ધ અડધી રાત્રિના રખડતો ન હોય.

સિદ્ધ - મા ! હું તારો દીકરો સિદ્ધ જ છું.

મા - મારો પુત્ર આવો ન હોય. દરવાજો નહિ ખૂલે.

સિદ્ધ - તો અડધી રાત્રે ક્યાં જઉં ?

મા - જેના દરવાજા ઉઘાડા હોય ત્યાં જા.

માના હૈયામાં અપાર વાત્સલ્ય હતું. એકનો એક પુત્ર છે. પુત્રને સન્માર્ગે લાવવો હતો, તેને માટે મા પ્રયત્ન કરે છે. પરંતુ ભાગ્ય જુદાં હોવાથી માનો સારો પણ પ્રયત્ન ખોટો ઠર્યો.

માનું વચન સાંભળીને સિદ્ધને આંચકો લાગે છે. હૈયું ખળભળી ઊઠે છે. તે જ ક્ષણે ત્યાંથી નીકળી જાય છે. ગામમાં ફરે છે. રાત્રિના ૩-૪ વાગે કોના દરવાજા ખુલ્લા હોય ! તમને પૂછું - કોના ખુલ્લા હોય ?

જરા જોરથી બોલોને ? ઉપાશ્રયના !

વાહ ! તમારા ? તમારી તો શું વાત કરવી. સાધુ-સાધ્વીજી ભગવંતો બપોરે ૧૧ વાગે ગોચરી આવવાના છે, તેની જાણ હોવા છતાં જે લોકોના દરવાજા બંધ હોય, સાધુ પાછા જતા રહે, છતાં જેઓને કોઈ અસર પણ ન થતી હોય, તે લોકો પાસે બીજી શી અપેક્ષા રાખવી ?

સાધુનાં દ્વાર અભંગ અને સદા ખુલ્લાં જ હોય, કારણ સાધુ નિર્ભય છે.

જે બીજાને નિર્ભયતા આપે છે તે જ નિર્ભય બની શકે છે.

જે બીજાને શાંતિ આપે છે તે જ શાંતિ પામી શકે છે.

દીક્ષા ગ્રહણ કરતી વેળા સાધુ 'કરેમિ ભંતે' ઉચ્ચરવા દ્વારા સમસ્ત જીવરાશિને અભયદાન આપે છે, તો હવે તેને ભય શેનો, કોનો ? માટે જ રોડ ઉપરના ઉપાશ્રયમાં પણ ખુલ્લા દરવાજે સાધુ નિર્ભયપણે નિશ્ચિતતાથી ઘસઘસાટ ઊંઘી શકે છે.

તમે ? ચોકીદાર હોય, ૩-૪ દરવાજે લોક હોય, ઊંઘની ગોળી લીધા પછી પણ પડખાં ઘસવાં પડે, ઊંઘ ન આવે.

સિદ્ધ ફરતાં ફરતાં ઉપાશ્રય તરફ આવે છે. દરવાજા ખુલ્લા જોઈ નજદીક આવીને પગથિયા ઉપર બેસે છે. ઉપાશ્રયમાં નજર કરે છે, તો તેને કોઈક સાધુ પ્રતિક્રમણ કરતા, કોઈક ધ્યાન ધરતા, કોઈક સ્વાધ્યાય કરતા, કોઈ કાયોત્સર્ગ કરતા દેખાય છે. આ મનભાવન, શાતાદાયક મધુર દશ્ય જોતાં જ સિદ્ધનું મન પ્રસન્નતા અનુભવે છે, મનનો ઉદ્વેગ શમવા માંડે છે. સંકલ્પ અને વિકલ્પોથી અશાંત બનેલું મન શાંત બને છે. સાધુભગવંતનું દર્શન શું કામ કરે તે વિચારજો. સાધુભગવંતની ઉપસ્થિતિ માત્ર ઉપકારક છે. તેમની પ્રત્યેક ચેષ્ટા કલ્યાણકર બની શકે છે. જો તમારાં વિવેકચક્ષુ ઉઘાડાં હશે તો સાધુમાં પરમાત્માનાં અંશનાં દર્શન થશે અને વિવેકરહિત માત્ર ચર્મચક્ષુ ખુલ્લાં હશે તો સાધુ તમારા માટે નિંદાનું પાત્ર બનશે.

તામલિ તાપસને સાધુની નિર્દોષ વિહારચર્યા નિહાળીને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ, ઈલાચીકુમારને સાધુની નિષ્પાપ ભિક્ષાચર્યા દૃષ્ટિ પથનો વિષય બનતાં દોરડાં ઉપર નાચતાં નાચતાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. વાહ ! કેવી નિર્દોષ, નિષ્પાપ સાધુચર્યા !

આ છે સાધુજીવન.

આ તરફ ગુરુભગવંતની દૃષ્ટિ પગથિયા ઉપર બેસેલા સિદ્ધ ઉપર પડે છે. પૂછે છે - વત્સ ! કોણ છો ? કેમ આવવું થયું ?

ગુરુભગવંતના અત્યંત પ્રેમ અને વાત્સલ્યભર્યા શબ્દો સાંભળતાં જ સિદ્ધનું કઠોર હૈયું પીગળી ગયું, મન ભરાઈ ગયું.

કપટ કર્યા વિના બધી જ વાત જણાવી દીધી. અને સાથે કહી પણ દીધું - હવે હું તમારે શરણે આવ્યો છું, તમારું શરણ એ જ મારું જીવન-

જોજો ! મીઠા શબ્દો શું કામ કરે ! સાધુના વાત્સલ્યથી ઉન્માર્ગે ગયેલો એક જીવ માર્ગસ્થ બને છે, સાધુ એટલે બીજું કશું જ નહિ, પણ

સાધુ એટલે પ્રેમનો દરિયો.

સાધુ એટલે સમતાનો મહાસાગર.

સાધુ એટલે ખળખળતું વાત્સલ્યનું ઝરણું.

સાધુની સાધુતા મમત્વના ચેતોવિસ્તારમાં છે. જીવમાત્ર પ્રતિ હૈયામાં નિર્વ્યાજ પ્રેમવહાલ, વાત્સલ્ય, પાંગરે ત્યારે સાધુતા પરાકાષ્ઠાને પામે છે.

હરિભદ્રસૂરિજી દશવૈકાલિક સૂત્રની વૃત્તિમાં બહુ જ સુંદર વાત જણાવે છે -

सर्वजीवस्नेहपरिणामः साधुत्वम् ।

ગુરુભગવંત શ્રુતોપયોગથી સિદ્ધનું ભવિષ્ય તપાસે છે. ખ્યાલ આવ્યો કે આ તો જિનશાસનનો રખેવાળ છે, કાલનો હોનહાર સાધુ છે. સિદ્ધમાં રહેલી અસાધારણ શક્તિનો અંદાજ આવી જાય છે. સાથે જ સિદ્ધની અડગતાનો પણ અનુભવ થઈ જાય છે. વિચારે છે - જો સિદ્ધ આ માર્ગે આવે તો પોતાની સાથે અનેક જીવનું કલ્યાણ કરી મહાન શાસનસેવા કરી શકે તેમ છે.

ગુરુભગવંત કહે છે - વત્સ ! તારી વાત, ભાવના સાચી. પરંતુ તને ખબર છે ને અહીં આવ્યા પછી હિંસા ન કરાય, જૂઠ ન બોલાય, પૂછ્યા વિનાની વસ્તુ ન લેવાય, વિશેષ એ કે વડીલોના કઠોર વચનો પણ સાંભળવાં પડે છે.

સિદ્ધ - હું તૈયાર છું. હવે હું તમારે શરણે જ રહીશ, તે મારો દૃઢ નિશ્ચય છે.

નક્કી સમજજો કે 'ધર્મમાં દૃઢ નિશ્ચયી જ આત્મકલ્યાણ કરી શકે છે.' આપણા જેવા નબળા મનના, વાતે વાતે અપવાદનું સેવન કરનારા, ક્યારે પણ આત્મકલ્યાણ નહીં કરી શકીએ. તમને તમાકુ, કંદમૂળ છોડાવવામાં પણ ફીણ પડી જાય છે. તમે કેટલી તો છૂટ રાખો ? બરોબર ને ! વાણિયાના દીકરાને આવી વાતોની બાધા આપવી પડે છે, તે તો આપણી દયનીયતા છે.

આ સિદ્ધ બધું જ છોડવા તૈયાર છે. કહેવત છે ને - "કર્મે શૂરા તે ધર્મે શૂરા" સિદ્ધ વ્યસની, જુગારી છે છતાં સમગ્ર સંસારને છોડી ગુરુશરણે રહેવા તૈયાર થઈ જાય છે.

અડગ મનના મુસાફિરને હિમાલય પણ નડતો નથી.

સિદ્ધ દીક્ષા માટે મક્કમ છે. પરંતુ ગુરુભગવંત અમારા જેવા ઉતાવળા કે શિષ્યલોભી ન હતા, પણ ગંભીર, પરિપક્વ અને સમયજ્ઞ હતા. તેથી મનોમન વિચારે છે કે - સિદ્ધને દીક્ષા આપું અને સમાજમાં ધમાલ થાય તો ? મંત્રીપુત્ર હોવાથી રાજ્ય તરફથી પણ આપત્તિ આવી શકે છે. જો આવું બને તો મારા શિષ્યલોભને કારણે શાસનની મલિનતા-હીનતા, શાસનની અપભ્રાજના થાય. આ તો મહાન અનર્થ કહેવાય. તેથી ગુરુભગવંત આ વાતને ટાળતા કહે - વત્સ ! તારી ભાવના ઉત્કટ છે. પરંતુ અમારી મર્યાદા છે કે મા-બાપની અનુમતિ વિના દીક્ષા આપી શકાય નહિ. અન્યથા અદત્તાદાનનો દોષ લાગે છે.

આ સાંભળીને સિદ્ધ વિચારે છે - શું કરવું ?

સિદ્ધને વિચાર કરવા દઈએ. આ તરફ તેમના ઘરની સ્થિતિ તપાસીએ.

લક્ષ્મીબાને એમ હતું, સિદ્ધ ક્યાં જવાનો ? હમણાં પાછો આવશે, પરંતુ સિદ્ધ પાછો ન આવ્યો. હવે તે મૂંઝાયા. પિતા શુભંકરને સિદ્ધ વિના ચાલતું નહોતું, પણ સિદ્ધ ક્યાંય દેખાતો ન હતો. તેથી ઘરમાં પૂછે છે - સિદ્ધ ક્યાં છે ? આજે કેમ દેખાતો નથી ?

લક્ષ્મીબા ગભરાતાં ગભરાતાં બધી વાત કરે છે. પિતા સમજી જાય છે, સિદ્ધને દુઃખ લાગતાં તે ઘર છોડીને અન્યત્ર ચાલી ગયો છે. તપાસ કરતાં કરતાં ઉપાશ્રયે આવે છે. સિદ્ધને ગુરુભગવંત સમીપે શાંતિથી બેઠેલો જોઈ આનંદ અનુભવે છે. સિદ્ધ પાસે જઈ પિતા પ્રેમથી સમજાવે છે. ઘરે આવવા ખૂબ આગ્રહ કરે છે, પરંતુ સિદ્ધ સહેજ પણ મચક આપતો નથી. પિતા રડે છે, કાલાવાલા કરે છે. બેટા ! તું એક જ અમારો આધાર છે ! તારા વિના અમારું કોણ છે ? આ લખલૂટ સંપત્તિનો વારસદાર પણ તું જ છો. માટે બેટા, ઘરે ચાલ. તારા વિયોગમાં રડતી તારી મા અને ધન્યાને શાતા આપ. બેટા, તારી મા વતી હું માફી માંગું છું, પણ, હવે ઘરે ચાલ.

સિદ્ધ કહે - પિતાજી ! મને તમે જ જવાબ આપો. માતાજીની આજ્ઞાનું પાલન કરવું, તે મારું કર્તવ્ય ખરું કે નહિ ? બીજું, વડીલોનાં વચનોને જાવજ્જીવ પાળવાં તે મારી ખાનદાની-કુલીનતા છે. માએ જણાવ્યું હતું કે, જેનાં દ્વાર ખુલ્લાં હોય ત્યાં જા. આ ઉપાશ્રયનાં દ્વાર અડધી રાત્રે ઉઘાડાં હતાં. તેથી હું અહીં આવ્યો. હવે, જીવનભર અહીં જ રહીશ, તે મારો અડગ નિર્ણય છે, કોઈ ફેર નહીં પડે.

ડગલું ભર્યું કે ના હઠવું, ના હઠવું
વેણ કાઢ્યું કે ના લટવું, ના લટવું

બે ક્ષણ ઊભા રહીને સિદ્ધની ખુમારી અને નિશ્ચલતા વિશે વિચારીએ. યુવાનવય છે. અપાર સંપત્તિનો માલિક છે. નવયુવાન, રૂપવતી પત્ની છે. કાલે રાજસન્માન મળવાની સંભાવના છે. આ બધું જ હોવા છતાં સિદ્ધ ક્યાંય મૂંઝાતો નથી, મોહમાં ફસાતો નથી. અરે, થોડીવાર પૂર્વે જુગારી હતો અને ક્ષણવારમાં માત્ર માના એક કટુ વચને સમગ્ર સંસારને છોડી દેવા તૈયાર થઈ ગયો ! એક વાત સ્પષ્ટ છે કે, જે લાંબું વિચારે છે તે ક્યારે પણ છોડી શકતો નથી, અને જેને છોડવું છે તે લાંબું વિચારતો નથી.

સિદ્ધ અમારી જેમ ગુરુ શોધવા નથી ગયો. આજે તો એવું છે કે શિષ્ય તપાસે કે ગુરુ મારા યોગ્ય છે કે નહિ. ગુરુનો સ્વભાવ સારો નથી. આચાર બરોબર નથી. આ સિદ્ધ ! કોઈ જ તપાસ નહિ. અરે ફાવશે કે નહિ, પળાશે કે નહિ એવો કોઈ જ વિચાર નહિ. કોઈ પ્રેક્ટીસ નથી કરી. આનું નામ ખુમારી. માથું નમી જાય.

પિતા બહુ જ આગ્રહ કરે છે ત્યારે સિદ્ધ પિતાજીને કહે છે - હવે તમે ગુરુભગવંતને વિનંતિ કરો કે - મને દીક્ષા આપે.

પિતાને પુત્રમોહ હતો, પરંતુ સમજદાર હતા. તેથી વિચારે છે - સિદ્ધ નિશ્ચલ છે, જો તેને ઘરે લઈ જવાનો વધુ આગ્રહ કરીશ તો પરિસ્થિતિ વધુ બગડશે. તેથી તુરંત આગ્રહ મૂકીને ગુરુભગવંતને દીક્ષા આપવાની અનુમતિ આપે છે.

ગુરુભગવંત સ્વરોદય જોઈ દીક્ષા આપે છે. હવે, સિદ્ધ મટીને સિદ્ધર્ષિ બને છે. તેઓ નિર્વૃતિ કુલના દેલ્લમહત્તર, તેમના શિષ્ય દુર્ગસ્વામી અને તેમના શિષ્ય સદર્ષિગુરુના ચરણે

જીવન સમર્પિત કરે છે, સિદ્ધર્ષિ મહારાજાએ જે કુલમાં દીક્ષા સ્વીકારી તે નિર્વૃતિ કુલની ઉત્ત્પત્તિ ક્યાંથી થઈ, તે જાણો છો ?

વર્ષોથી પર્યુષણ મહાપર્વની આરાધના કરીએ છીએ. સાતમા દિવસે સ્થવિરાવલી સાંભળીએ છીએ. આ વાત આ વ્યાખ્યાનમાં આવે છે. પરંતુ યાદ કોને ? યાદ રાખવાની પણ જરૂર શેની ? બરોબરને ?

આપણને વહીવટમાં રસ, જ્ઞાનમાં નહિ. વાણિયો અને વહીવટ બંનેનો બરોબર બંધ બેસે છે. પણ જો આપણે આપણા ઉપકારી મહાપુરુષોને યાદ નહિ રાખીએ તો આપણી આવતીકાલ બહુ ચિંતાજનક છે.

ક્યાંક વાંચ્યું છે - જે સમાજ પોતાના ઉપકારીને, તેમજ તેના ઉપકારોને યાદ નથી રાખતો તે સમાજની ક્યારેય ઉન્નતિ થતી નથી. માર્મિક વચન છે.

વર્ધમાન પ્રભુની પાટે સુધર્માસ્વામી આવ્યા. તેમની પાટ પરંપરામાં વજ્રસ્વામી. તેમની પાટે વજ્રસેનસૂરિ થયા.

બન્યું એવું કે વજ્રસેનસૂરિજીના સમયમાં ભયંકર દુકાળ પડે છે. તે વખતે તેઓશ્રી વિહરતાં સોપારક નગરે પધાર્યા છે. ત્યાં જિનદત્ત શેઠ અને ઈશ્વરી નામના શેઠાણી રહે છે. તેમને નાગેન્દ્ર, નિર્વૃતિ, ચંદ્ર અને વિદ્યાધર - એમ ચાર પુત્રો છે. પરિવાર અત્યંત સુખી છે. પરંતુ દુકાળને કારણે ખાવા માટે અનાજ મળતું નથી. ભૂખ સહન થતી નથી. બધા જ ત્રસ્ત બની ગયા છે. પરિવારના દરેક સભ્યો વિષમિશ્રિત લક્ષપાક ભોજન કરીને મરણ સ્વીકારી લેવાનો નિર્ણય કરી, તેવા પ્રકારનું ભોજન તૈયાર કરાવે છે. આપણા સહુના સદ્ભાગ્યયોગે વજ્રસેનસૂરિજી શેઠના ઘરે જ ગોચરી માટે પધારે છે. શેઠ ગુરુભગવંતને બધી વાત કરે છે. તે વખતે જ સૂરિજીને વજ્રસ્વામી મહારાજાનું વચન

યાદ આવે છે કે આવા પ્રકારનું ભોજન પ્રાપ્ત થશે, તેના બીજા દિવસથી સુકાળ થશે. આ ગુરુવચન યાદ કરીને શેઠને જણાવે છે. આ વાત સાંભળતાં જ શેઠ ખૂબ પ્રસન્ન બની જાય છે.

શેઠ-શેઠાણી વિચારે છે કે આજે આપણે બધા મરી જ જવાના હતા, તો પછી હવે બધા જ દીક્ષા લઈ લઈએ. તત્ક્ષણ શેઠ-શેઠાણી પોતાના ચાર પુત્રો સાથે દીક્ષા અંગીકાર કરે છે.

ચારે પુત્રો ગુરુભગવંતને સમર્પિત બનીને ખૂબ ભણે છે. દરેક કંઈક ન્યૂન દશ પૂર્વધર બને છે. તે દરેકથી નાગેન્દ્રાદિ ચાર કુલોની ઉત્પત્તિ થઈ છે. ઈતિહાસ બતાવે છે કે તે ચારે ગુરુભગવંતોને ૨૧-૨૧ આચાર્યો થાય છે. અને તે દરેકથી એક એક ગચ્છની ઉત્પત્તિ થઈ છે. આ રીતે ૮૪ ગચ્છની ઉત્પત્તિ થઈ છે. આજે તો લગભગ બધાં જ કુલો નામશેષ બની ગયાં છે. માત્ર ચન્દ્રકુલ છે, આપણે બધા તે પરંપરામાં જ આવીએ છીએ.

આવું શ્રેષ્ઠ કુલ જે નિર્વૃતિ કુલ, તેમાં આપણા સિદ્ધર્ષિ મહારાજા દીક્ષા અંગીકાર કરે છે. આ નિર્વૃતિ કુલમાં અનેક મહાન શાસન પ્રભાવક ગુરુભગવંતો થઈ ગયા, જેમણે આ શાસનની ખૂબ ખૂબ સેવા કરી છે.

છઠ્ઠા સૈકાના ઉત્તરાર્ધમાં અને સાતમા સૈકાના પૂર્વાર્ધમાં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ થયા. આ ગુરુભગવંત ભાષ્યકાર તરીકે ઓળખાય છે. જેમણે ૪૦૦૦ શ્લોક પ્રમાણ સ્વોપજ્ઞવૃત્તિ સાથે વિશેષાવશ્યક ભાષ્યની રચના કરી છે. આ ગ્રંથમાં આવશ્યક નિર્યુક્તિના ગહન પદાર્થોનો વિશદ રીતે ઉઘાડ કર્યો છે. તદુપરાંત, ધ્યાનશતક, બૃહત્ સંગ્રહણી, બૃહત્ ક્ષેત્ર સમાસ, વિશેષણવતી વિગેરે ગ્રંથોનું સર્જન કર્યું છે.

આ મહાપુરુષ આગમ પરંપરાના મહાન રક્ષક છે. આગમના ગૂઢાર્થ અને ગહન રહસ્યોની સ્પષ્ટતા માટે સર્વમાન્ય

પુરુષ ગણાય છે. કોઈ પણ શંકિત પાઠ વિષે જિનભદ્રગણિ મહારાજાની સાખ પૂરવામાં આવ્યા પછી બીજો કોઈ સવાલ કરવાનો રહેતો નથી. આવા મહાન પુરુષ આ પરંપરામાં થયા છે.

ત્યાર બાદ, નવમા સૈકામાં શીલાંકાચાર્ય થયા. તેઓશ્રીએ આચારાંગાદિ ૧૧ અંગો ઉપર વૃત્તિ લખી છે. કાલના પ્રભાવે ૯ અંગની વૃત્તિ નષ્ટ થઈ ગઈ છે. આજે માત્ર આચારાંગ અને સૂત્રકૃતાંગ - આ બે આગમની વૃત્તિ જ મળે છે.

આગળ, દ્રોણાચાર્ય અને સૂરાચાર્ય ગુરુ-શિષ્ય થયા. બંને શાસનપ્રભાવક મહાપુરુષ થયા. દ્રોણાચાર્યજીની પ્રજ્ઞા કેવી તીક્ષ્ણ હતી, કેવા જ્ઞાનસંપન્ન મહાપુરુષ હતા, તે જાણવા જેવું છે.

નવાંગી ટીકાકાર અભયદેવસૂરિજીનું નામ સાંભળ્યું જ હશે. દીક્ષા લીધા પછી એકવાર શાસનદેવી તેમને સ્વપ્નમાં આવે છે. કહે છે કે - તમે વિચ્છેદ પામેલ નવ અંગ ઉપર નવી વૃત્તિ બનાવો.

સૂરિજી જણાવે - મારી શક્તિ નથી. બીજું, ગણધર ભગવંતની આશાતના થઈ જાય તો મારું શું થાય ?

દેવી - તમે લખો. તમને જરૂર પડે હું સહાય કરીશ. જ્યારે શંકા-પ્રશ્ન થાય, મને યાદ કરજો. હું સીમંધર સ્વામિજીને પૂછીને સમાધાન લાવી આપીશ.

સૂરિજીએ નવ અંગ ઉપર વૃત્તિ લખી. તેની શુદ્ધિ આ ગુરુભગવંત દ્રોણાચાર્યજી પાસે કરાવવામાં આવી. જરાક કલ્પના તો કરો કે શાસનદેવીની જે ગુરુ ભગવંત ઉપર કૃપા થઈ તે ગુરુભગવંત વૃત્તિ લખીને સ્વયં આ દ્રોણાચાર્યજી પાસે શુદ્ધ કરાવે ! આ ગુરુભગવંતની મેધા, શાસ્ત્રજ્ઞાન કેવું પ્રમાણભૂત હશે, તે સમયમાં તેઓ કેવા પ્રબલ માન્ય પુરુષ હશે તે આ ઘટના ઉપરથી જાણી શકાય તેમ છે.

દ્રોણાચાર્યજી જેવા જ્ઞાનસંપન્ન હતા તેવા જ આચારસંપન્ન પણ હતા. પૂર્વના મહાપુરુષોની આ જ વિશેષતા છે કે તેઓ જ્ઞાન અને ક્રિયા, બંને માર્ગને સદા સાથે રાખીને ચાલતા હતા. તેમની આચાર નિષ્ઠાનો એક નાનકડો પ્રસંગ કહું -

મહાજ્ઞાની સૂરાચાર્યજી તેમના શિષ્ય હતા. માલવાના ભોજ રાજાની સભાને જીતીને જૈનશાસનની પ્રભાવના કરનારા આ મહાપુરુષ હતા. પોતાના શિષ્યોને ભણીને તૈયાર કરવાની ખૂબ ઇચ્છા હતી. આ કારણથી શિષ્યોને ભણાવતી વખતે ભૂલ પડે તો ઓઘાની દાંડીથી મારતા હતા. પ્રાયઃ દરરોજ ઓઘાની દાંડી તૂટતી હતી. તેથી તેઓશ્રીને થયું લોખંડની દાંડી બનાવરાવી દઉં.

આ સમાચાર ગુરુ ભગવંત દ્રોણાચાર્યજીને મળ્યા. તુરંત ગુરુભગવંત સૂરાચાર્યજીને ઠપકો આપે છે. લોખંડની દાંડી એ તો યમનું શસ્ત્ર છે. તે રાખવામાં મોટો દોષ લાગે, માટે આપણાથી ન રખાય. વાર્તા ઘણી મોટી છે. તે અત્ર અપ્રસ્તુત છે માટે નથી કરતો. પરંતુ વિચારો તો ખરા કે લોખંડની દાંડી રાખવામાં પાપ માનનારા, શાસનપ્રભાવક પોતાના શિષ્યને પણ કડક શબ્દોમાં ઠપકો આપનારા આ દ્રોણાચાર્યજીના મનમાં ચારિત્ર પાલનની કેવી તીવ્ર રમણતા હશે ? આ વાત વાંચતાં જ માથું નમી જાય. વાહ, કેવી જબરજસ્ત ચારિત્રનિષ્ઠા ! ક્યાં ચારિત્રની વાતો કરનારા અમે અને ક્યાં આ મહાપુરુષો ! ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તૈલી અને છતાં ક્યાંય, ક્યારેય પોતાની વાતોનાં બણગાં નથી ફૂક્યાં, નથી વાજાં વગાડ્યા.

છતાં, આશ્ચર્ય ઉપજાવે તેવી વાત છે, તેનાથી વધુ એ કે આપણા બધા માટે દુઃખદ ઘટના ગણી શકાય તેવી આ વાત છે. આવા આચારસંપન્ન મહાપુરુષને પણ 'શિથિલાચારી' તરીકે

ઓળખાવનારા મહાપુરુષો (?) આ શાસનમાં છે. રમૂજ થાય તેવી વાત છે. કોઈક મહાત્માએ વિશેષ ગ્રંથ ઉપર વૃત્તિ લખી. તે પોતે લખે છે કે જ્યારે અભયદેવસૂરિજી યાદ આવે ત્યારે હું મારી જાતને ધન્ય માનું છું. કારણ કે અભયદેવસૂરિજીને લખેલી વૃત્તિની શુદ્ધિ શિથિલાચારી દ્રોણાચાર્ય પાસે કરાવવી પડતી હતી જ્યારે મારી વૃત્તિને સંશોધિત કરનારા સુવિહિત સાધુ ભગવંતો મને મળ્યા. હું કેવો ભાગ્યશાળી !

આવું લખવું તે બીજું કશું જ નથી પણ માત્ર જ્ઞાનનો ઉન્માદ છે. જે જ્ઞાન ચિત્તમાં અહંકાર જગાડે, પૂજ્ય પુરુષો પ્રત્યે દુર્ભાવ ઉત્પન્ન કરે, આગ્રહ-કદાગ્રહ પેદા કરે, ક્લેશ કરાવે, તેને જ્ઞાન કેમ કહેવાય ? જ્ઞાન તે કદાગ્રહ છોડાવી સદાગ્રહ તરફ પ્રેરે, ક્લેશપ્રવૃત્તિનો નાશ કરી સમાધાન તરફ પ્રેરે, વિભાજનવૃત્તિને દૂર કરી સમન્વય તરફ પ્રેરે, સંકુચિતતા છોડાવી ઉદારતા આપે, રાગ-દ્વેષ છોડાવી સમતા તરફ વાળે.

तज्ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागगणः ।
तमसः कुतोऽस्ति शक्तिर्दिनकरकिरणाग्रतः स्थातुम् ॥

તે જ્ઞાન જ્ઞાન નથી, જે ભણ્યા પછી મનમાં રાગ-દ્વેષ જાગે. ભણવું, ભણાવવું, ગ્રંથસર્જન, સંપાદન કરવું - આ બધું સરલ છે. પણ ચિત્તને સરલ બનાવવું બહુ જ કઠિન છે. જ્ઞાનની પ્રાપ્તિ, એ એક વાત છે. અને જ્ઞાનનું પરિણમવું એ બીજી વાત છે. એટલું તો નક્કી છે કે જેને જ્ઞાન પરિણમ્યું હોય તેના મુખમાં ક્યારે પણ આવી અવળ વાણી પ્રગટે જ નહિ.

ચોક્કસ, દ્રોણાચાર્યજી, સૂરાચાર્યજી યાવત્ સિદ્ધર્ષિ વિગેરે મહાપુરુષો ચૈત્યવાસી હતા, તે સત્ય છે, પરંતુ તેઓ અમારા કરતાં વધુ વિશુદ્ધ ચારિત્રનું પાલન કરનારા હતા, તે પણ સત્ય છે.

આવી યશસ્વી પરંપરામાં સિદ્ધર્ષિ દીક્ષિત બન્યા. ચારિત્રાચાર, તપાચારનું વિશુદ્ધ પાલન કરવા સાથે ખૂબ ખૂબ અભ્યાસ કરે છે. જ્ઞાનાવરણીય કર્મના વિશિષ્ટ ક્ષયોપશમને કારણે બહુ જ ઝડપથી શાસ્ત્રાભ્યાસ સિદ્ધ કરે છે. અમારા જેવા જે અભ્યાસ દશ-બાર વર્ષે માંડ કરી શકીએ તે અભ્યાસ સિદ્ધર્ષિ બે-ત્રણ વર્ષમાં જ કરી લે છે. હવે તેમને બૌદ્ધદર્શનના ગ્રંથોનો અભ્યાસ કરવાની લગની લાગી છે. તેઓ જાણે છે કે તેના અભ્યાસ માટે બહાર જવું પડે. મનોમન નક્કી કર્યું કે ભણવું જ છે. તેથી ગુરુભગવંત પાસે બહાર ભણવા જવાની અનુમતિ માંગે છે.

જોજો, ભવિતવ્યતાની રમત હવે શરૂ થાય છે.

ગુરુ ન જવા માટે સમજાવે છે, તું ખૂબ ભણ્યો. ભણવામાં સંતોષ કરવો યોગ્ય ન ગણાય, છતાં કહું કે ત્યાં જવાનું રહેવા દે. ત્યાં હેત્વાભાસાદિ વિતણ્ડાની આટાપાટાની રમતો થતી રહે છે. ક્યાંક ફસાઈ જવાય, માટે ન જવામાં લાભ છે.

સિદ્ધર્ષિ માનતા નથી. જવાની ઈચ્છા છોડતા નથી. ગુરુભગવંત તુરંત શ્રુતોપયોગ મૂકે છે અને તેમને ભવિષ્યમાં થનારી દુર્દશા દેખાય છે. કાલનો કોહીનૂર, હોનહાર સાધુ, જિનશાસનનો રખેવાળ, એવા પ્રિય શિષ્યને ગુમાવવો પડશે. આવું જાણ્યા પછી કયા ગુરુ મોકલવા તૈયાર થાય ? મનમાં અપાર વેદના છે, હૈયામાં વલોપાત છે, કેમે કરીને મન માનતું નથી.

ભાઈ, ગુરુની 'હા-ના' પાછળના ગર્ભિત આશયો - પરિણામો માત્ર ગુરુ જ જાણતા હોય છે. અબુધ એવા આપણે સમજણ વિના ગુરુવચનની ઉપરવટ જઈ જીવનમાં ઘણીવાર નુકસાની સામે ચાલીને વહોરી લઈએ છીએ.

એક તરફ ગુરુની સમજાવટ, બીજી તરફ સિદ્ધર્ષિની જીદ. છેવટે સિદ્ધર્ષિની જીદ - આગ્રહનો વિજય થયો. ત્યારે ગુરુ દુઃખ સાથે કહે છે - વત્સ ! તારી માંગણી વાસ્તવિક છે પરંતુ પરિણામ સારું નથી. છતાં તારો જવાનો દૃઢ આગ્રહ છે તો એટલું કહું કે - તને સદ્‌બુદ્ધિ મળે ! વહેલો પાછો આવજે, અને મન બગડે તો મારો ઓઘો પાછો આપી જજે.

સિદ્ધ કાન ઉપર હાથ મૂકીને કહે - પ્રભો ! આપ શું બોલો છો ? મારા જ્ઞાનચક્ષુ ઉઘાડનારા, મારો હાથ પકડીને સંસારથી પાર પમાડનારા ગુરુને હું છોડી દઉં ? બીજે ભટકું ? ગુરુદેવ ! આવી અશુભ કલ્પના ન કરો. છતાં આપનું વચન ચોક્કસ પાળીશ.

સિદ્ધર્ષિ બૌદ્ધ ગ્રંથોના અભ્યાસ માટે અવ્યક્ત વેષે મહાબોધ નગરમાં જાય છે. તીક્ષ્ણ મેધાના બલે ટૂંક સમયમાં બૌદ્ધ ગ્રંથોનો અભ્યાસ કરી લે છે. ગ્રંથ હાથમાં પકડે અને પાર પામી જાય. તર્કમાં તો ભલભલાને હંફાવે છે. સિદ્ધર્ષિની બૌદ્ધિક શક્તિ અને તેજસ્વી પ્રતિભાને જોઈને બૌદ્ધ ગુરુઓને થયું કે, આ બૌદ્ધ નથી, પરંતું ચોક્કસપણે અન્ય દર્શનીય છે. તેથી ત્યાંના બૌદ્ધ ગુરુઓ સિદ્ધર્ષિને પોતાનો કરી લેવા વિધવિધ યુક્તિ-પ્રયુક્તિ રચી રહ્યા છે. છેલ્લે ભલાભલા લપસી પડે તેવું પ્રલોભન આપે છે - "તમને મોટા ગુરુપદે સ્થાપવા છે." બોલો, શું થાય ?

નિરંતર બૌદ્ધોનો પરિચય, તેના અભ્યાસને કારણે સિદ્ધર્ષિ વિચલિત થઈ જાય છે. ધીમે ધીમે લપસવા માંડે છે. જૈનત્વ ભૂલાઈ જાય છે. છેવટે સિદ્ધર્ષિ બૌદ્ધ દીક્ષા સ્વીકારવા તૈયાર થઈ જાય છે. દીક્ષાનું મુહૂર્ત પણ નક્કી થઈ જાય છે.

ગુપ્તપણે રાખેલો ઓઘો નજરે પડે છે અને સાથે જ ગુરુવચન પણ યાદ આવે છે. વચન પાળવા ગુરુભગવંત પાસે જવા તૈયાર થઈ જાય છે. બૌદ્ધ ગુરુઓ, મિત્રો ન જવા ખૂબ

સમજાવે છે. વચનના પાક્કા સિદ્ધર્ષિ તુરત જ ગુરુ પાસે જવા નીકળી પડે છે.

જુઓ, સિદ્ધર્ષિ મૂળે જુગારી હતા, અને જુગારી ક્યારેય વચનથી ફરે નહિ, જૂઠ બોલે નહિ.

જુગારી ક્યારેય જૂઠ ન બોલે અને વાણિયો ક્યારેય સાચું બોલે નહિ. આપણી આ કુટેવને કારણે પીળું તિલક કલંકિત બન્યું છે.

સિદ્ધર્ષિ ગુરુભગવંત પાસે પહોંચે છે. પહેલાંના સિદ્ધર્ષિ અને આજના સિદ્ધર્ષિમાં બહુ મોટો તફાવત છે. પૂર્વે પૂજ્યભાવ, આદર હતો. આજે કોઈ આદર નથી, માત્ર વચન પાળવા માટે આવ્યા છે. બન્યું એવું કે ગુરુભગવંત મોટી પાટ ઉપર બેઠા છે. તે જોઈ સિદ્ધર્ષિ કહે - તમે આટલા ઊંચે ચઢીને બેઠા છો, તે શોભતું નથી. વંદન નથી કરતા, શાતા પણ નથી પૂછતા અને આ રીતે ઉદ્દંડ વર્તન કરે છે. બોલો, શું થાય ? મનમાં કેવો આઘાત લાગે ? કેટલો ઉદ્વેગ થઈ જાય ?

આ ગુરુભગવંત આપણા જેવા ઉતાવળા, આછકલા ન હતા, પરંતુ ગંભીર, પરિપક્વ હતા. તો સાથે જ સ્થિતપ્રજ્ઞ પણ હતા. ગુરુભગવંત સમજી જાય છે. સિદ્ધર્ષિ લપસ્યા છે, ભૂલ્યા છે, મતિ બગડી છે. ભૂલેલા આ જીવને પાછો વાળવો છે, એમ વિચારીને કોઈ જ પ્રતિભાવ કે રીએક્શન આપતા નથી. લેશ પણ ગભરાયા કે ઉદ્વેગ લાવ્યા વિના સહજતાથી જ વર્તે છે. આ બહુ મોટી સાધના છે. જાત ઉપર જબરજસ્ત સંયમ હોય તો જ આવી પરિસ્થિતિમાં પણ આટલી શાંતિ રાખી શકાય. આનું નામ જ સમભાવ. શાસ્ત્રીય પરિભાષામાં સ્થિતપ્રજ્ઞતા કહેવાય છે-

यः सर्वत्राऽनभिस्नेहस्तत्तत् प्राप्य शुभाशुभम् ।<br>
नाऽभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥

મનગમતું, સારું થાય તો રાગ નહિ અને અણગમતું, ખરાબ થાય તો દ્વેષ ન કરવો, આનું નામ છે સ્થિતપ્રજ્ઞતા.

ગુરુભગવંત કશું જ બોલ્યા વિના જિનમંદિર જવા નીકળે છે. ત્યારે સિદ્ધર્ષિને લલિતવિસ્તરા વાંચવા આપે છે. અને તેમને પ્રેમથી પાટ ઉપર બેસવાનું કહે છે. હમણાં આવું છું, એમ કહી ચાલ્યા જાય છે.

ગુરુભગવંતની ગંભીરતા, દીર્ઘદૃષ્ટિ અહીં જોવા મળે છે. આવા ગુરુઓથી જ શાસન દીપે છે, શોભે છે.

સિદ્ધર્ષિ લલિતવિસ્તરા વાંચવાનું શરૂ કરે છે. વાંચતાં વાંચતાં મનમાં ઊહાપોહ થવા લાગ્યો. બૌદ્ધદર્શનનો જે રાગ જામેલો હતો તે ધીમે ધીમે પીગળવા લાગ્યો. થોડીક ક્ષણોમાં મન એકદમ સ્થિર થઈ ગયું. આ જિનમાર્ગ જ સાચો. મેં ભૂલ કરી. પરમાત્માની, ગુરુભગવંતની, જિનમાર્ગની આશાતના-વિરાધના કરી. મનમાં થાય છે કે - હવે ગુરુભગવંત પાસે પ્રાયશ્ચિત્ત લઈ આત્માને શુદ્ધ બનાવું. ખરેખર, ગુરુભગવંતની દૃષ્ટિને ધન્ય છે. તેમણે મને આ માટે જ પાછો બોલાવ્યો છે.

શબ્દની, જ્ઞાનની તાકાત શું છે તે અહીં સમજાય છે. મને તો હજુ સુધી સમજાતું નથી કે સિદ્ધર્ષિને કયા વાક્યથી બોધ થયો હશે. એવું કયું વાક્ય હશે કે જે વાંચતાં ઉન્માર્ગે ગયેલો આત્મા પાછો સ્થિર થઈ જાય ! આનો જવાબ ગુરુભગવંત જ આપી શકશે.

એક વાત નક્કી સમજજો કે - કોને, ક્યારે, કોનાથી કઈ રીતે પ્રતિબોધ થાય, તેની ખબર નથી. જીવનપરિવર્તન માટે ક્ષણ જ પર્યાપ્ત છે. જે ક્ષણને પકડવામાં ઉદ્યત છે તે પોતાના આત્માનું કલ્યાણ કરી જાય છે. બસ, ક્ષણને પકડતાં શીખો. સિદ્ધર્ષિએ ક્ષણ પકડી લીધી અને ઉન્માર્ગે ગયેલ આત્માને

સન્માર્ગે પાછો વાળી દીધો. સિદ્ધર્ષિ વિચારોના પ્રવાહમાં રમમાણ છે. તે વખતે જ ગુરુભગવંત 'નિસીહિ' બોલતાં ઉપાશ્રયમાં પ્રવેશ કરે છે.

ગુરુભગવંતને જોતાં જ સિદ્ધર્ષિ ઊભા થઈ જાય છે. હાથ જોડવા સાથે સામે લેવા જાય છે. વંદન કરી શાતા પૂછે છે.

જુઓ તો ખરા ! મન અહં, બૌદ્ધદર્શનના રાગથી વાસિત હતું ત્યારે દીક્ષાદાતા ગુરુદેવનું પણ અપમાન કર્યું, તોછડાઈ સાથે ઉદ્ધત વર્તન કર્યું. અને જ્યારે અહં ગયો, મન ઠર્યું, શાંત બન્યું, સાથે સાથે હૈયામાં આવૃત થઈ ગયેલો આદર, અહોભાવ અનાવૃત થઈ ગયો.

સિદ્ધનો વ્યવહાર જોઈ ગુરુભગવંત સમજી ગયા. પરંતુ ગુરુભગવંત ઠપકો નથી આપતા, એક કટુશબ્દ પણ કહેતા નથી. સહજભાવે પ્રસન્ન વદને સિદ્ધર્ષિ સામે જુએ છે. ગુરુભગવંતનું ગાંભીર્ય, દીર્ઘદૃષ્ટિ, સમયસૂચકતાનું સૂક્ષ્મ દર્શન અહીં થાય છે. સમભાવ વાતો કરવાથી કે પુસ્તકો વાંચવાથી નથી આવતો, તે તો પોતાની પ્રકૃતિ, પોતાના સ્વભાવ ઉપર પ્રબલ કંટ્રોલ હોય, જીવનના પ્રત્યેક વ્યવહારમાં ઉપશમભાવ રાખવાની ટેવ પડી હોય તે જ માણસ આવી અત્યંત વિષમ પરિસ્થિતિમાં પણ સમભાવ-બેલેન્સ જાળવી શકે છે. આ જ જીવનની સિદ્ધિ છે, ધર્મસિદ્ધિની નિશાની છે.

સિદ્ધ કહે - ગુરુદેવ ! આપની દીર્ઘદર્શિતાને ધન્યવાદ છે. આપે મને પાછો વાળવા માટે જ બોલાવ્યો છે. ગુરુદેવ ! મને માફ કરો.

ગુરુ - વત્સ ! તું છેતરાય નહિ, તેનો મને પૂરો વિશ્વાસ હતો. બીજું, તારા જેવો બુદ્ધિમાન, શાસ્ત્રોના ગૂઢાર્થને જાણનારો સાધુ આ શાસનમાં બીજો છે કોણ ?

સિદ્ધ - ગુરુદેવ ! મારા જેવા તુચ્છ, ક્ષુદ્ર જીવ ઉપર આટલી કૃપા કેમ કરો છો ? શું તમારાં ચૈત્યો, સ્તૂપો બનાવવાનો હતો, કે જેથી આ બાલિશ જીવ ઉપર આટલો પ્રેમભાવ રાખો છો ? આમ, બોલતાં બોલતાં રડી પડે છે.

ગુરુ - વત્સ ! મતભેદ થાય તેટલા માત્રથી મનભેદ થોડો થાય ! અને આટલા માત્રથી દૂર થોડો કરી દેવાય !

આ સાંભળતાં જ ધ્રુસકે ધ્રુસકે રડતાં સિદ્ધર્ષિ કહે છે - હું દ્રોહી છું, પાપી છું, શાસનનો અને તમારો મહાન અપરાધી છું. ગુરુદેવ મને માફ કરો. પ્રાયશ્ચિત્ત આપો.

ગુરુભગવંત પ્રાયશ્ચિત્ત આપે છે. કાળાંતરે પોતાની પાટે સિદ્ધર્ષિને બેસાડી પોતે આત્મસાધનામાં લીન બની જાય છે.

જુઓ, જ્ઞાન શું કામ કરે છે, તે અહીં જણાય છે.

જ્ઞાન કોઈનું જીવનદાતા બની શકે,
જ્ઞાન ભૂલેલા જીવને સન્માર્ગે ચડાવી આપે,
જ્ઞાન મનના સંકલ્પ-વિકલ્પો ઓગાળી નાંખે,
જ્ઞાન આગ્રહ-કદાગ્રહો દૂર કરી આપે.

લલિતવિસ્તરા ગ્રંથે સિદ્ધર્ષિના જીવનમાં પરિવર્તન લાવી આપ્યું. સિદ્ધર્ષિના મનમાં આ ગ્રંથની ખૂબ અસર છે. સાથે આ ગ્રંથના રચયિતા હરિભદ્રસૂરિજી પ્રત્યે તીવ્ર આદર, અહોભાવ પણ છે. તેમને પોતાના ધર્મગુરુ તરીકે જ ઓળખાવે છે.

આ ગુરુભગવંતની ગુણગ્રાહી વૃત્તિ અત્યંત શ્લાઘનીય છે. હરિભદ્રસૂરિએ સિદ્ધર્ષિ ઉપર સાક્ષાત્ કોઈ ઉપકાર કર્યો નથી, સિદ્ધર્ષિએ તેમને જોયા પણ નથી. વર્ષો પૂર્વે તેમણે આ ગ્રંથ બનાવેલો હતો. પરંતુ આ ગ્રંથથી ઉપકાર થયો તેટલા માત્રથી

આ ગુરુભગવંત સ્વરચિત ઉપમિતિગ્રંથની પ્રશસ્તિમાં હરિભદ્રસૂરિજીનો નામોલ્લેખ કરે છે. લખે છે -

अनागतं परिज्ञाय चैत्यवन्दनसंश्रया ।
मदर्थैव कृता येन वृत्तिर्ललितविस्तरा ॥

સિદ્ધર્ષિ કાલે ભટકવાનો છે, ઉન્માર્ગે જવાનો છે તેની ખબર આ હરિભદ્રસૂરિને હતી, તેથી ચૈત્યવંદનના બહાને મારા માટે જ આ લલિતવિસ્તરા બનાવી છે. આ છે તેમની ગુણગ્રાહકતા. આ ગુણગ્રાહી વૃત્તિની પરાકાષ્ઠા તો અહીં આવે છે કે ઉપમિતિ ગ્રંથની પ્રતિલિપિ કરી આપનારા ગુણા નામના સાધ્વીજી ભગવંતનો પણ આ પ્રશસ્તિમાં આદરથી ઉલ્લેખ કર્યો. આ રીતે તેમને પણ અમર બનાવી દીધા.

प्रथमादर्शे लिखिता साध्व्या श्रुतदेवतानुकारिण्या ।
दुर्गस्वामिगुरूणां शिष्यिकयेयं गुणाभिधया ॥

સિદ્ધર્ષિમહારાજાને લલિતવિસ્તરા ગ્રંથથી પ્રતિબોધ થયો. તેથી મનમાં થયું કે હવે મારે પણ ગ્રંથસર્જન કરવું છે. તેમણે બહુ ગ્રંથો નથી બનાવ્યા. આંગળીના વેઢે ગણી શકાય તેટલા જ બનાવ્યા છે. પરંતુ જે બનાવ્યા તે એવા બનાવ્યા કે સમગ્ર વિશ્વને પોતાના ચરણમાં ઝૂકાવી દીધું.

આ ગુરુભગવંતે પ્રાકૃત ભાષામાં લખેલ શ્રીચંદ્રકેવલિ ચરિત્રનું સંસ્કૃત ભાષામાં નિર્માણ કર્યું.

જૈનન્યાય સાહિત્યના આદિ પુરસ્કર્તા સિદ્ધસેન દિવાકરજીએ ૩૨ શ્લોક પ્રમાણ ન્યાયાવતાર ગ્રંથની રચના કરી છે. તે ગ્રંથ ઉપર સિદ્ધર્ષિએ ૨૦૭૩ શ્લોક પ્રમાણ વૃત્તિ લખી છે. સિદ્ધસેન દિવાકરજીના ગ્રંથ ઉપર વિવરણ લખવું તે નાની-સૂની વાત નથી. અસાધારણ બૌદ્ધિક પ્રતિભા ધરાવનારા જ લખી શકે. આ ગ્રંથ ઉપર લખેલી વૃત્તિ જ સિદ્ધર્ષિ મહારાજાનું

ન્યાય વિષય ઉપરનું પ્રભુત્વ તેમજ તેમની તીક્ષ્ણ બુદ્ધિનું દર્શન કરાવે છે.

શ્રીવીરવિભુના હાથે દીક્ષિત થયેલા અવધિજ્ઞાની ધર્મદાસગણિએ પોતાના પુત્ર રણસિંહના પ્રતિબોધ માટે બનાવેલ ઉપદેશમાલા ગ્રંથ ઉપર સિદ્ધર્ષિ મહારાજાએ લઘુ તેમજ બૃહદ્‌વૃત્તિ લખી છે. આ ગ્રંથ પ્રાચીનકાળથી વ્યાખ્યાનાદિમાં વંચાય છે. પ્રાયઃ દીક્ષિત બનેલા સર્વ શ્રમણ-શ્રમણી ભગવંતો આ ગ્રંથને કંઠસ્થ કરતા હોય છે. એમ કહેવાય છે કે દીક્ષા લીધા પછી મોહવશે સંયમમાં મન અસ્થિર બને, તેને સંયમ જીવનમાં સ્થિર કરવા માટે આ શ્રેષ્ઠ ગ્રંથ છે. આ ગ્રંથ ઉપર અનેક મહાપુરુષોએ વૃત્તિ લખી છે, એ જ આ ગ્રંથની મહાનતાને સાબિત કરી આપે છે.

અવધિજ્ઞાની રાજર્ષિના ટંકશાળી વચનો, તેના ઉપર સિદ્ધહસ્ત, પ્રતિભાવંત સિદ્ધર્ષિ મહારાજાની કલમ ઉપડે પછી પૂછવાનું જ શું બાકી રહે ? આ ગુરુભગવંતે પદાર્થનાં મૂળ સુધી જઈને તેના રહસ્યોનો ઉઘાડ કર્યો છે.

આ ગુરુભગવંતે ઉપમિતિભવપ્રપંચા કથા - ગ્રંથનું અતિ ઉત્તમ સર્જન કર્યું છે. આ એક જ ગ્રંથના સર્જનથી તેઓ વિશ્વપ્રસિદ્ધ બની ગયા, અમર બની ગયા. એવું બને કે ગ્રંથકારથી ગ્રંથ અમર બને, તો ક્યારેક ગ્રંથથી ગ્રંથકાર અમર બની જાય છે. જેમ શાંતસુધારસથી ઉપાધ્યાય વિનયવિજયજી અમર બની ગયા, તેમ ઉપમિતિ ગ્રંથની રચનાથી સિદ્ધર્ષિ મહારાજા અમર બની ગયા. આ ગ્રંથથી ઈતિહાસના પૃષ્ઠ ઉપર સુવર્ણાક્ષરે પોતાનું નામ અંકિત કરી દીધું. સાથે, દશમા સૈકાના શ્રેષ્ઠ સર્જકોની લાઈનમાં પોતાનું નામ પણ ઉમેરી દીધું. તેનાથી વધુ કહું તો - દશમા સૈકા પછીના દશ દશ સૈકા પસાર થવા

છતાં હજુ સુધી આ ગ્રંથની તુલના કરી શકે તેવો બીજો કોઈ ગ્રંથ નથી લખાયો. માત્ર જૈન સાહિત્ય કે ભારતીય સાહિત્યમાં જ નહી, પરંતુ જૈનેતર અને વિશ્વસાહિત્યમાં આ ગ્રંથની તુલના કરી શકે તેવો ગ્રંથ નથી રચાયો. આવો મહાન ગ્રંથ આ ગુરુભગવંતે આપણને વારસામાં આપ્યો છે.

જર્મન પ્રોફેસર હર્મન જેકોબી દર્શનના અભ્યાસી છે. તેમણે આચારાંગ અને કલ્પસૂત્રનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. નેમિસૂરિદાદાએ આ પ્રોફેસર સાથે પત્રવ્યવહાર પણ કર્યો હતો. આવા પાશ્ચાત્ય સંસ્કૃતિના વિદ્વાન પ્રોફેસર 'ઉપમિતિ'ની અંગ્રેજી પ્રસ્તાવનામાં લખે છે-

I did Fine something more important. The great Literary Value of the U. katha. and the fact that is the first allegorical work in indian literature.

આના ઉપરથી આ ગ્રંથની મહાનતા સમજી શકાશે.

મોતીચંદ ગિરધરલાલ કાપડિયા. જૈન સમાજમાં બહું મોટું નામ છે. મોટા મોટા ઘણા ગ્રંથોનો ભાવાનુવાદ કાપડિયા સાહેબે કર્યો છે. આચાર્ય ભગવંતો પણ આમના અનુવાદનો આધાર રાખે છે. તેવા આ લેખક લખે છે - "મને જૈન, જૈનેતર અનેક પંડિતો મળ્યા, બહુશ્રુત ભગવંતો પણ મળ્યા, તે બધા કહે છે કે - જૈન, જૈનેતર સાહિત્યમાં ક્યાંય આવો રૂપક ગ્રંથ જોવા નથી મળ્યો. વૈશ્વિક સાહિત્યમાં ભારતીય જૈન સાહિત્યને શ્રેષ્ઠ સ્થાન અપાવવામાં આ ગ્રંથનો અમૂલ્ય ફાળો છે. આજ સુધી અનેક કથા, રૂપકકથા પણ લખાય છે. પરંતુ, આ ગ્રંથની તુલના કરી શકે તેવી કોઈ કથા નથી લખાઈ."

આ છે આ ગ્રંથનું મૂલ્ય.

વૈશ્વિક સાહિત્યની દૃષ્ટિએ વિચારીએ તો ઈ. સ. ૧૬૬૦ માં બીજા ચાર્લ્સ રાજાના સમયમાં જહોન બનીઅન નામના

લેખકે 'પીલ્ગ્રીમ્સ્ પ્રોગ્રેસ (Pilgrim's progress) પુસ્તક લખ્યું છે. કેટલેક અંશે ઉપમિતિ સાથે તુલના કરી શકાય તેવો આ ગ્રંથ છે. પરંતુ, આ ગ્રંથમાં માત્ર એક આસ્તિક શ્રદ્ધાલુની જ વાત છે. જ્યારે ઉપમિતિમાં સમગ્ર સંસારની વાત બતાવવામાં આવી છે. આમ, અનેક રીતે આ ગ્રંથ અધિક મૂલ્ય ધરાવે છે.

જૈનેતર સાહિત્યની દષ્ટિએ અવલોકન કરીએ તો વ્યાસ ભગવાન પ્રણીત શ્રીમદ્ભાગવતના ચોથા સ્કંધમાં પુરંજન આખ્યાન આવે છે. તેમાં રૂપકકથાના થોડાંક અંશો જોવા મળે છે.

આમ, સર્વ દષ્ટિએ તપાસતાં જણાય છે કે આટલા સૈકાઓ પછી પણ આના જેવો રૂપકગ્રંથ ક્યાંય જોવા મળતો નથી, તેમાં સંદેહ નથી.

આ સમગ્ર ગ્રંથ કથારૂપે છે, માટે કથાગ્રંથ કહેવાય છે. પરંતુ, સાથે સાથે અન્ય અનુયોગો-દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ પણ સાંકળી લીધા છે, અર્થાત્ ચારે અનુયોગો આ ગ્રંથમાં ઠેર ઠેર જોવા મળે છે. આમાં ચોથો કથાનુયોગ છે, તેના ૪ પ્રકાર છે.

અર્થકથાનુયોગ - ધન કેમ મેળવવું, ધાતુવાદ - વિગેરે વાતો આમાં આવે છે.

કામકથાનુયોગ - વિષય તેમજ કામભોગની જ વાતો આમાં આવે છે.

ધર્મકથાનુયોગ - ક્ષમા, સત્ય, સંયમ, વિગેરે ધર્મના ભેદો સાથે તેનાથી મળતા લાભોની વાતો આમાં આવે છે.

સંકીર્ણકથાનુયોગ - આ લોક તેમજ પરલોકની વાતો આવે. સાથે, અન્ય ત્રણે કથાનુયોગનો આમાં સમાવેશ થતો હોય છે.

'ઉપમિતિ' કથાને સંકીર્ણકથા તરીકે ઓળખવામાં આવે છે.

આપણે ત્યાં લોકકથા, દેશકથા, સ્ત્રીકથા, ભક્તકથા, પ્રવાસવર્ણન કથા, સાહસકથા, નવલકથા, લઘુકથા, ટુચૂકથા, ચરિત્રો વિગેરે અનેક કથાઓ લખાય છે. તેમાં એક પ્રકાર છે - રૂપકકથા. આ રૂપકકથા બધી કથાથી જુદી પડે છે. જેમાં આખો ગ્રંથ કથારૂપે આલેખાયેલ હોવા છતાં તેમાં ચોક્કસ હેતુ તેમજ હૈયાના ઊંડા આશયો ગૂંથી લેવામાં આવે છે. તદુપરાંત વાક્યે વાક્યે માર્મિક રહસ્ય પ્રગટ થતું હોય છે - આનું નામ છે રૂપકકથા.

ભાઈ, નવલકથા, ચરિત્ર, વર્ણન - ઈત્યાદિ લખવું બહુ સરલ છે, પણ રૂપકકથા લખવી અતિ, અતિ કઠિન છે. પોતાની લેખનશક્તિ પર જબરજસ્ત પ્રભુત્વ હોય, પોતાના વિષય ઉપર અસાધારણ કાબુ હોય તે જ આવી રૂપકકથા લખી શકવાને સમર્થ બની શકે છે. આજે નવલકથા વિગેરે લાખોની સંખ્યામાં લખાય છે, પણ રૂપકકથા કેટલી ?

સિદ્ધર્ષિ મહારાજાની બનાવેલી આ રૂપકકથાને કાવ્ય તરીકે પણ ઓળખી શકાય તેમ છે. કારણ કે કાવ્યમાં ૨ વાત મુખ્ય જોઈએ - મૌલિકતા અને કલ્પનાવૈભવ. આ બંને વાત ગ્રંથમાં સર્વત્ર ઉપલબ્ધ થાય છે. આ ગુરુભગવંતની સૌથી મોટી વિશેષતા એ છે આ ગ્રંથ મૌલિક બનાવવા છતાં ક્યાંય જિનશાસનની પરંપરાને હાનિ પહોંચે કે પછી સર્વજ્ઞપ્રરૂપિત ભાવોને બાધા પહોંચે તેવી કોઈ જ વાત નથી કરી. સિદ્ધર્ષિ ગુરુભગવંતના કલ્પનાવૈભવની તો વાત જ શું કરવી ! ગ્રંથમાં આવતાં નામો, નગરનાં નામો, વિવિધ યુદ્ધની કલ્પના, ક્ષમા, મૃદુતા વિગેરે દશ કન્યા તેમજ અન્ય લગ્નોની કલ્પના, સદાગમ, સમ્યગ્દર્શન વગેરેની જે ભવ્ય કલ્પના કરવામાં આવી છે તે તો ખરેખર દાદ માંગી લે તેવી છે. આ વિષે

વિચારીએ ત્યારે સિદ્ધર્ષિ મહારાજાની બૌદ્ધિક પ્રતિભા, તીક્ષ્ણ મેધાશક્તિ, ઊંડી અને દીર્ઘ કલ્પનાશક્તિનું સૂક્ષ્મ દર્શન થાય છે. તેમજ આ ગ્રંથમાં વીર, રૌદ્ર, હાસ્ય શૃઙ્ગાર, કરુણ, બીભત્સ વિગેરે નવે નવે રસ વિધવિધસ્થાને અનુભવવા મળે છે. માટે, આ કથાગ્રંથને કાવ્ય તરીકે ઉલ્લેખ કરવામાં અતિશયોક્તિ નહી ગણાય.

જૈન કથાગ્રંથો વિષે વિચારીએ તો અદ્યાવધિ અનેક અનેક કથાઓ લખાઈ ચૂકી છે. પરંતુ, તે કોઈક ચોક્કસ હેતુ-આશયને જ સિદ્ધ કરતી હોય છે. જેમ કે - સ્થૂલિભદ્રની કથા બ્રહ્મચર્યગુણને, ગજસુકુમાલમુનિની કથા ક્ષમાગુણને, મૃગાપુત્રની કથા કર્મવિપાકને, શ્રીપાલ-મયણાસુંદરીની કથા સિદ્ધચક્રના મહિમાને પ્રગટ કરે છે. આમ, દરેક કથા કોઈક વિશિષ્ટ સત્યની સ્થાપના કરે છે. જ્યારે, આ રૂપકકથા ગ્રંથમાં ચારે અનુયોગની સાથે નીતિ, વ્યવહાર, પ્રામાણિકતા વિગેરે અનેક સદ્‌ગુણોનો ઉઘાડ ઠેર ઠેર જોવા મળે છે.

આ ગ્રંથમાં વિશેષે કર્મસાહિત્યની વિભાવના પ્રગટ થાય છે, સાથે વિપુલ પ્રમાણમાં તત્ત્વજ્ઞાનની પણ પ્રાપ્તિ થાય છે. આજે આપણા સમાજમાં આચારમાં શૂન્ય હોવા છતાં તત્ત્વની મોટી મોટી વાતો કરનારો એક વર્ગ ઊભો થયો છે. આત્મા, નવ તત્ત્વો, અનુષ્ઠાન - ઇત્યાદિ ઊંચી ઊંચી વાતો જ સાંભળવી ગમે, બાકી, ગુરુભગવંતોના વ્યાખ્યાનમાં જવું ન ગમે, કારણ, તત્ત્વ નથી મળતું. મારે તમને પૂછવું છે તત્ત્વ એટલે શું ? શું નવતત્ત્વની કે આત્માની વાતો તે જ તત્ત્વ ? ના. તત્ત્વ તો એ કે જેમાં જીવન ઉત્થાનની વાતો આવતી હોય. આ ગ્રંથમાં બતાવ્યું કે સંસારી જીવ અસંવ્યવહાર રાશિમાંથી નીકળી સંવ્યવહાર રાશિમાં આવે. પછી એકેન્દ્રિયાદિ ગતિમાં જઈ પંચેન્દ્રિય મનુષ્ય

થઈ મોક્ષે જાય છે. આમ, પતન-ઉત્થાન, પ્રગતિ-પશ્ચાદ્ગતિ બતાવી છે. આનાથી વિશેષ ઊંચું તત્ત્વ આ સંસારમાં બીજું શું હોઈ શકે ?

ખરેખર, આ ગ્રંથ વાંચવા, મનન કરવા યોગ્ય છે. હું તો વાંચતાં વાંચતાં પ્રસન્નતા અનુભવું છું. આ આખી કથા આપણી જ કથા છે. જે ભિખારીનું પાત્ર આલેખાયું છે તે બીજું કોઈ નહિ પરંતુ ખુદ આપણે જ છીએ. એકધ્યાને - એકચિત્તે બે-ચાર વખત આ ગ્રંથનું અધ્યયન કરવામાં આવે તો અવશ્યપણે જાત સામે પ્રશ્ન થયા વિના નહિ રહે. બહારની દુર્ગંધ જોઈને નાક ઉપર હાથ મૂકનારા, બીજાનાં દુષ્કૃત્યો જોઈ મનમાં તેઓ માટે દુર્ભાવ કરનારા આપણને આપણી જાત પ્રત્યે દુગંછા જાગશે, પોતાને માટે ઘૃણા થશે. મનોમન પ્રશ્ન થશે કે હું આટલો ગંદો ? હું આટલો મનનો માંદલો ? કલ્પના પણ ન કરી શકાય તેવાં દુષ્કૃત્યો મેં કર્યાં ? પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત બનેલા મેં શું શું અધમ કૃત્ય ન કર્યું ? આવા અનેક પ્રશ્નો તમને હેરાન, પરેશાન કરી મૂકશે તે નક્કી સમજજો.

આ ગ્રંથ દર્પણતુલ્ય છે. દર્પણ સામે ઊભા રહો અને દેહ પર પડેલા ડાઘો દેખાવા માંડે છે, તેમ આ ગ્રંથ વાંચતાં જ મનના અશુભાદિ ભાવો નજર સામે તરવા માંડે છે. ખ્યાલ આવશે કે એક જ કલાકાર નાટકમાં પત્ની, પુત્ર, પિતા વિગેરે જુદાં જુદાં પાત્રો ભજવે છે તેમ ભવચક્કરમાં ભમતો એવો હું પણ દરેક ભવમાં પિતા, પુત્રાદિના પાત્રો ભજવતો રહ્યો, અને પરિણામે કલુષિત અધ્યવસાયના કારણે ચોરાશીના ચક્કરમાં રખડતો-ભટકતો જ રહ્યો છું. ભાઈ, જો આટલો પણ બોધ - અનુભવ થાય તો કદાચ ભવભ્રમણથી છૂટી ન શકીએ પણ આ ઘટમાળથી છૂટવાનું મન તો થાય જ. સાથે સાથે હૈયાની

કલુષિતતા, મનની મલિનતા, ચિત્તની ચંચળતા, વિષયોની લંપટતાથી છૂટકારો થાય. તેમજ પ્રગાઢ બનેલા અનાદિના કુસંસ્કારો-કુવાસના નબળી પડે, પ્રચંડ મોહદશા પર પ્રહાર થાય, સંસારની તીવ્ર આસક્તિ-નિરંતર મારો, મારી, મારું કરતાં રહીયે છીએ, તેમાં ઘટાડો થાય જ. આમ કરતાં અધ્યવસાય, પરિણતિ પણ વિશુદ્ધ બનતી જાય, અંતે, શુદ્ધ ચૈતન્યનું ઉદ્‌ઘાટન પણ થાય, તે નક્કી.

એમ કહેવાય કે આ ગ્રંથ વાંચ્યા પછી ચોક્કસપણે હૈયામાં વૈરાગ્યના અંકુરા ફૂટે, શુષ્ક હૈયાને પણ પ્લાવિત કરે. આવા વૈરાગ્યબોધક અદ્‌ભુત ગ્રંથની થોડીક થોડીક પ્રસાદી ચાખી લઈએ. આ ગ્રંથની મહાનતા એ છે કે આ ગ્રંથને લક્ષ્યમાં રાખીને અનેક ગ્રંથોની રચના થઈ છે. જેમ કે -

જયશેખરસૂરિ મહારાજે પ્રબોધ ચિંતામણિ ગ્રંથ બનાવ્યો.

ઇંદ્રહંસગણિમહારાજે ભુવનભાનુ કેવલિ ચરિત્ર બનાવ્યું.

મહોપાધ્યાય યશોવિજય મહારાજે વૈરાગ્યકલ્પલતા ગ્રંથની રચના કરી.

મુનિ હંસરત્ન મહારાજે કથોદ્ધાર ગ્રંથ બનાવ્યો.

મહોપાધ્યાય વિનયવિજય મહારાજે ઉપમિતિ ભવ પ્રપંચાનું એક સ્તવન બનાવ્યું છે.

આ ગ્રંથમાં કુલ ૮ પ્રસ્તાવ છે. દરેક પ્રસ્તાવમાં મનન કરવા યોગ્ય ઘણી બધી વાતોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેમાં અંતિમ સાતમા અને આઠમા પ્રસ્તાવમાં તત્ત્વની મધુર વાતોનો ખજાનો છે. મને જાણવા મળ્યું કે આ સંઘના શ્રાવકો તત્ત્વરસિક છે. તેથી તમને તત્ત્વની વાતો વધુ ગમશે. તો બે-ચાર તત્ત્વની વાતો સમજવા પ્રયત્ન કરીએ.

સાતમા પ્રસ્તાવમાં અકલંક મુનિ ઘનવાહનને સમજાવે છે, તે વખતની આ વાત છે. સંસારથી પાર પમાડનાર કોણ ?

તમને પૂછું, બોલો-કોણ ? સામાયિક, માસખમણ, સો ઓળી, ઉત્કૃષ્ટ ચારિત્રપાલન ? ના. નિર્મલ ચિત્ત, રાગ-દ્વેષ રહિતનું મન - એ જ સંસારથી પાર ઊતારે છે. સિદ્ધર્ષિ મહારાજા લખે છે.-

अनेन हि समाख्यातं क्लेशनिर्मुक्तमञ्जसा ।
चित्तमेवात्मनो मुख्यं संसारोत्तारकारणम् ॥

મનમાં કલેશ છે, મારું-તારું છે, કોઈને બતાવી દેવાની વૃત્તિ છે, કોઈકને પછાડી દેવાની ભાવના છે, ત્યાં સુધી મોક્ષ બહુ દૂર છે. ગમે તેટલી વિશિષ્ટ આરાધના, ઉત્કૃષ્ટ તપ કરતા હોઈશું પણ જો ચિત્તમાં રાગ-દ્વેષ હશે તો આપણા માટે બધું જ સંસાર રૂપ છે.

અન્યત્ર કહ્યું છે - मनः एव बन्ध-मोक्षयोः कारणम् ।

જોજો, ક્યાંય ક્રિયાથી મોક્ષ છે એમ નથી કહ્યું. પણ, રાગ-દ્વેષ શૂન્ય મન તે જ મોક્ષ અને રાગ-દ્વેષયુક્ત મન તે જ સંસાર. આજ વાત અધ્યાત્મસારમાં ઉપાધ્યાયજી મહારાજા જણાવે છે.

चित्तमेव हि संसारो रागादिक्लेशवासितम् ।
तदेव तैर्विनिर्मुक्तं भवान्त इति कथ्यते ॥

યાદ રાખજો, તપ, ચારિત્રપાલનાદિ કોઈ પણ આરાધના, તે તો મોક્ષપ્રાપ્તિના સાધન છે, અને સાધ્ય છે ચિત્તની શુદ્ધ વૃત્તિ. દરેક ક્રિયા પાછળ વિશિષ્ટ હેતુ રહેલો છે. જો તપ કરવા પછી આસક્તિ ન છૂટે, દાન આપ્યા પછી મૂર્ચ્છા ન તૂટે, સામાયિક કરીને સમતા-ક્ષમાભાવ ન પ્રગટે, પૂજા કરવા છતાં પરમાત્માના

શાસન પ્રત્યે બહુમાન - અહોભાવ ન જાગે તો આ ક્રિયાનો અર્થ શું ? આપણે સાધનને જ સાધ્ય બનાવી દીધું, પરિણામ ? 'શૂન્ય.' સ્પષ્ટતા કરી દઉં - આરાધના નિષ્ફળ નથી જ, તેનાથી પુણ્યબંધ થાય છે, પણ તે છેવટે સંસારમાં જ રાખે. જ્યારે નિર્મળ ભાવથી થતી આ જ આરાધના કર્મની નિર્જરા કરી આપી મોક્ષ અપાવે છે. માટે ગ્રંથકાર ભગવંત ચિત્તને સંસારથી પાર ઉતારવાનું કારણ જણાવે છે.

સાતમા પ્રસ્તાવમાં આપણે અનાદિકાળથી સંસારમાં રખડપટ્ટી કરીયે છીએ, તેનું બહુ જ સુંદર કારણ બતાવ્યું છે.

જીવ ભમતો ભમતો કાંપિલપુરમાં માનવ બન્યો. પછી દેવલોક, માનવ, દેવ પછી પાછો માનવ બન્યો. ત્યારે સમ્યગ્દર્શન, સદાગમનું મિલન થાય છે. કહે છે કે ઘણી વાર સદાગમાદિનો મેળાપ થાય છે. તે મળે ત્યારે સુખની અનુભૂતિ થાય છે, પરંતુ જ્યારે પાછા મિથ્યાદર્શનાદિ મળે છે ત્યારે સમ્યગ્દર્શનાદિ તરફ તિરસ્કાર, દુર્ભાવ થાય છે. અંતે દુઃખના સાગરમાં ડૂબી જાઉં છું. આમ કરતાં કરતાં એવું બન્યું કે એક વાર પત્ની ભવિતવ્યતાના પ્રતાપે સોપારક નગરમાં વિભૂષણ નામે વણિકપુત્ર તરીકે જન્મ ધારણ કરું છું. ત્યાં સુધાકૂપ નામના આચાર્યભગવંતનો મેળાપ થાય છે. ફરી સમ્યગ્દર્શનાદિનો મેળાપ થાય છે. સર્વવિરતિ ગ્રહણ કરું છું. ઉત્તમ ચારિત્ર, વિશિષ્ટ તપધર્મનું પાલન કરું છું, પણ દિલમાં ભાવ નથી. સાથે સાથે અન્યના અવર્ણવાદ, નિંદા ખોટા આક્ષેપો કરતો હતો. આ ટેવ ખૂબ વધી ગઈ, અને તપસ્વી, જ્ઞાની વિગેરેની પણ નિંદા કરતો હતો. પોતે જ કહે છે -

तपस्विनां सुशीलानां सदनुष्ठानचारिणाम् ।
अन्येषामपि कुर्वाणो निन्दां नो शङ्कितस्तदा ॥

किं बहुना - तीर्थेश्वराणां संघस्य श्रुतस्य गणधारिणाम् ।
आशातनां दधानेन मया पृष्ठं न वीक्षितम् ॥

હું તપસ્વી, ચારિત્રવંત વિગેરે દરેકની નિંદા કરતો હતો. ચારિત્ર તો કેવું ઉત્તમ પાળતો હતો - બપોરના આહારનો સમય પતી ગયા પછી દૂર દૂર સુધી જઈને લુક્ખો-સુક્કો આહાર લાવીને વાપરતો. રસોડાની કે પછી સામે લાવેલી ગોચરી (આહાર) વાપરતો ન હતો. કપડાનો કાપ પણ કાઢતો નહિ, વિશિષ્ટ તપ કરતો હતો તેથી બધા મને તપસ્વી, ત્યાગી તરીકે જ ઓળખતા હતા. પરંતુ, મોહોદયને કારણે બન્યું એવું કે જે ચારિત્રપાલનમાં શિથિલ હતા, વિશેષ તપ કરી શકતા ન હતા, તે દરેકની ખૂબ નિંદા કરતો હતો. તીર્થંકર, ગણધર ભગવંતો વગેરે દરેકની નિંદા કરતો હતો. તેને પરિણામે મેં ચીકણાં કર્મો બાંધ્યાં, અને સંસારમાં અનંત કાળથી ભટકતો રહ્યો છું. ભટકતા એવા મેં અપાર અપાર દુઃખ સહન કર્યું. આ સંસારમાં એવું દુઃખ નથી જે મેં સહન નથી કર્યું.

न सा विपद् न तद् दुःखं न सा गाढविडम्बना ।
लोकेऽस्ति पद्मपत्राक्षि ! या न सोढा तदा मया ॥

સમજાય છે નિંદા કરવાનું ફળ ? આપણે સતત આ જ કરીએ છીએ, પરંતુ તે ઉચિત નથી. જેઓ આચાર-વિચારમાં નબળા છે તેની ઉપેક્ષા કરવાની છે, કરુણા કરવાની છે, નહિ કે નિંદા. આ તો ધર્મપ્રાપ્તિનું લક્ષણ છે. હરિભદ્રસૂરિજી ષોડશક પ્રકરણમાં લખે છે -

प्रणिधानं तत्समये स्थितिमत् तदधःकृपानुगश्चैव ।

તમે જે આરાધના કરો છો તેનાથી વધુ આરાધક આત્મા મળે તો તેની અનુમોદના કરવી, અને જે આચારાદિમાં

શિથિલ હોય તેને જોઈને કરુણાભાવ કેળવવો, તેનું નામ છે પ્રણિધાન. આ પ્રણિધાન તે ધર્મ કરવાના પાંચ આશયોમાંનો એક આશય છે.

આપણા શાસનમાં આચારમાં શિથિલ, મન્દ છે તેની તો નિંદા નથી જ કરવાની, પરંતુ અન્ય ધર્મઆરાધકોની, અરે મહાપાપી આત્માઓની પણ નિંદા-ટીકા નથી કરવાની. હરિભદ્રસૂરિજીએ સ્પષ્ટ જણાવ્યું છે -

पापवत्स्वपि चाऽत्यन्तं स्वकर्मनिहतेष्वलम् ।
अनुकम्पैव सत्त्वेषु न्याय्या धर्मोऽयमुत्तमः ॥

પૂર્વ ભવમાં કરેલાં દુષ્કૃત્યોથી બાંધેલાં અશુભ કર્મોથી પીડાતા અતિ પાપી જીવોને વિષે અનુકંપા કરવી તે જ શ્રેષ્ઠ ધર્મ છે. આજ વાત અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજા કહે છે-

निन्द्यो न कोऽपि लोकः पापिष्ठेस्वपि भवस्थितिश्चिन्त्या ।

આ છે આપણી પરંપરા, આ છે આપણી મર્યાદા. પરંતુ આપણે ધર્મના બહાને અહર્નિશ અન્યની નિંદા-ટીકા કરતા રહીએ છીએ. મારે પૂછવું છે કે નિંદા કરવાની પણ કોઈ લિમિટ ખરી ? નિંદા માત્ર ખરાબ છે છતાં એવો સંકલ્પ ખરો કે દેવ-ગુરુ-ધર્મની નિંદા તો નહીં જ કરું ? નિંદા કરવા બેઠા એટલે સાધુ સાધ્વી સાથે આચાર્યોની પણ નિંદા કરો, બરોબર ને ?

યાદ રાખજો - સાધુ-સાધ્વીજી ભગવંતોની નિંદા કરવાથી આ ભવમાં તો ચારિત્ર નહિ જ મળે, પરંતુ બાંધેલા ચીકણા મોહનીયકર્મને કારણે ભવાંતરમાં ચારિત્ર તો શું, ચારિત્રવંતના દર્શન પણ નહિ મળે, એવી દુર્ગતિમાં ધકેલાઈ જઈશું. માટે નિંદાથી દૂર રહેજો. શાસ્ત્રવચન છે - साधुद्वेषात् कुलक्षयः સાધુ-સાધ્વીજી ભગવંતોની નિંદા, તેમનો દ્વેષ કરવાથી કુલપરંપરા

નાશ પામે છે. આ વાત, બહુ જ તાત્ત્વિક છે તો સાથે અતિ ગંભીર છે.

આઠમા પ્રસ્તાવમાં પુંડરીકમુનિ બહુ જ સુંદર પ્રશ્ન પૂછે છે. આ કાળમાં બહુ ઉપયોગી થાય તેવી આ વાત છે, તેથી તે જણાવું છું. પૂછે છે કે જૈન મતાનુયાયી જ મોક્ષસાધક બની શકે કે પછી અન્યમતાનુયાયી પણ બની શકે ?

સમંતભદ્રાચાર્યજી જવાબ આપે છે -

तथा सर्वमनुष्ठानं यद्भवेन्नाशकारणम् ॥

तल्लोके सर्वतीर्थेषु साक्षाज्जैनेऽपि वा मते ।
यथा तथा कृतं हन्त ! ज्ञेयं सर्वज्ञसम्मतम् ॥

મોક્ષનો સંબંધ તમારા મનની પરિણતિ, ચિત્તના અધ્યવસાયો સાથે છે. માટે જે કોઈ અનુષ્ઠાન ચિત્તના-મનના અશુભ ભાવોને નાશ કરનાર બને છે, તે અનુષ્ઠાન જૈન મતમાં હોય કે પછી અન્ય મતમાં હોય, પરંતુ તે બધાં જ અનુષ્ઠાનો સર્વજ્ઞમતના જ જાણવાં. તેથી જ સ્પષ્ટ બને છે કે મોક્ષની પ્રાપ્તિ કોઈ પણ વ્યક્તિ કરી શકે છે.

લાલ પાત્રને ધારણ કરનારા, કાળાં પાત્રને ધારણ કરનારા કે કમણ્ડલને ધારણ કરનારા; શ્વેતવસ્ત્રધારી, પીતવસ્ત્રધારી કે ભગવાવસ્ત્રધારી - આ બધા જ જીવો મોક્ષના અધિકારી છે. શરત એટલી હૈયું-દિલ સાફ-શુદ્ધ હોવું જોઈએ, રાગ-દ્વેષરહિત સમભાવયુત જોઈએ.

તમે બધા તર્કમાં માનનારા છો. નવતત્ત્વ ભણેલા છો. તેમાં નવમા મોક્ષદ્વારનાં વર્ણનમાં સ્વલિંગે સિદ્ધ, અન્યલિંગે સિદ્ધ, આ રીતે સિદ્ધના ૧૫ ભેદ જણાવ્યા છે. જો આપણે અન્યમતવાળા સિદ્ધ ન બની શકે એમ માનીશું તો નવતત્ત્વની

પ્રરૂપણા ખોટી સાબિત થશે. તે શક્ય જ નથી. માટે સ્વીકારવું જ પડશે કે સર્વ જીવો મોક્ષના અધિકારી છે. છતાં, દુર્ભાગ્યની વાત છે કે આપણા જ્ઞાની ભગવંતોએ આટલું સ્પષ્ટ કહ્યું હોવા છતાં આપણે જિનેશ્વરના માર્ગે જ ચાલનારા આત્માઓને મિથ્યાત્વી કહીને નિંદા, ટીકા કરતાં રહીએ છીએ, તે ઉચિત છે ? વિચારજો.

આ વાતને સમર્થન આપવા સાથે સમંતભદ્રાચાર્યજી કહે છે -

पर्याप्तं वेषचिन्तया ।

વેષની ચિંતાથી સર્યું. મોક્ષ વેષથી કે બાહ્ય લિંગોથી નથી મળતો પરંતુ ગુણથી મળે છે. ગૃહસ્થ હોય કે સાધુ હોય, અન્યમતાનુયાયી હોય કે જિનમતાનુયાયી હોય - કોઈ પણ જીવ ગુણોના વિકાસ દ્વારા મોક્ષ પામી શકે છે. માટે જ આત્માના વિકાસ માટે જે ક્રમ તે ગુણઠાણાને આધારે છે, પરંતુ વેષના આધારે નથી. શાસ્ત્રોમાં ગુણસ્થાનક કહ્યું છે, વેષસ્થાનક નહી.

એવું બની શકે કે દેખીતી રીતે છઠ્ઠા ગુણસ્થાનકે દેખાતો સાધુ પ્રથમ ગુણસ્થાનકે હોય અને પ્રથમ ગુણસ્થાનકે દેખાતો જીવ આત્મકલ્યાણના માર્ગે આગળ વધી જાય. સાધુ હોઉં, સામાયિકાદિ વિશિષ્ટ આરાધના કરતો હોઉં પણ જો નિરંતર પરપરિણતિ, બહિર્ભાવમાં જ રમતો રહું તો આત્મકલ્યાણના માર્ગથી બહૂ જ દૂર છું. એ નિઃશંકપણે સમજી લેવું. મોક્ષ માટે રાગાદિથી પર બનવું તે જ શ્રેષ્ઠ માર્ગ છે.

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્ય મહારાજા મહાદેવ બત્રીશીમાં લખે છે -

भवबीजाङ्कुरजनना रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥

ભવમાં રખડાવનારા રાગાદિ જેના ક્ષય પામ્યા છે તેને નમસ્કાર થાઓ. પછી તે બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ કે જિનેશ્વર કોઈ પણ હોય. હવે, વધુ સ્પષ્ટતા કરવાની જરૂર રહેતી નથી, બરોબર ખ્યાલ આવી ગયો ને !

કાલે જ ગુરુભગવંતે કહ્યું - આ પાટ ઉપરથી વારંવાર આ વાત કહેવામાં આવી છે તેને કારણે તમારા બધાની દૃઢ માન્યતા છે કે "જે માણસ સામાયિક, તપ વિગેરે ધર્મ આરાધના કરે છે તે મોક્ષમાં જશે અને જે રાત્રિભોજન, કંદમૂળ ભક્ષણ વિગેરે કરે છે તે નરકમાં જશે." તમારી આ માન્યતાનો અહીં જવાબ મળી જાય છે. બાહ્યદૃષ્ટિએ દેખાતા આચારોથી કે આપણા કહેવાથી કોઈ નરકગતિમાં જતું નથી, અને જશે પણ નહિ. આવી માન્યતા અને પ્રરૂપણા બદલવી પડશે, અન્યથા નવી પેઢી ધર્મવિમુખ બની જશે.

આઠમા પ્રસ્તાવમાં તમને રસ પડે તેવી લગ્નની વાત છે. મને જવાબ આપશો ! લગ્ન કરવાથી સુખ મળે કે દુઃખ ? તમારો જવાબ છે - દુઃખ પરંતુ અહીં ગુરુ ભગવંત કહે છે કે લગ્નથી પરમ સુખ મળે છે. બોલો, કેવી સુંદર વાત છે.

ગુણધારણ રાજાના મદનમંજરી સાથે લગ્ન કરવામાં આવ્યા હતા. મદનમંજરીનો પિતૃપક્ષ અતિ સમૃદ્ધ હતો. તેથી કરિયાવરમાં અનેક કિંમતી રત્નો, આભૂષણો, અપાર સંપત્તિ લઈને આવી હતી. કન્યા પણ ગુણિયલ અને રૂપવતી હતી. આ બધા કારણે ગુણધારણ રાજાનો યશ ચોમેર ફેલાયો હતો. મદનમંજરી સાથે આનંદપૂર્વક દિવસો પસાર કરી રહ્યા હતા. રાજા તો સાક્ષાત્ દૈવી સુખનો અનુભવ કરી રહ્યા હતા.

એક દિવસ નિર્મળાચાર્યજી વિહાર કરતાં કરતાં રાજાના ગામમાં પધારે છે. રાજા વંદન કરવા જાય છે. વંદન કરીને પોતાના આનંદની બધી જ વાતો કરે છે. રાજા તમારા જેવો જ હતો તેથી કહે ગુરુદેવ ! આપની કૃપાથી હું બહુ સુખી છું.

આચાર્યભગવંત કહે - રાજન્ ! તું જે સુખ પામ્યો છે, તે તો સમુદ્રના બિંદુસમ છે અને તુચ્છ, ક્ષણિક છે. બીજું, આ સુખ પણ પુણ્યોદયથી મળ્યું છે.

રાજા કહે - ગુરુદેવ ! આમ કેમ કહો છો. મને તો પરમ સુખનો અનુભવ થાય છે. તમે ના કેમ પાડો છો ? જો આ સુખ નથી તો પરમ સુખ કેવી રીતે મળે ?

આચાર્ય ભગવંત - રાજન્ ! તારે લગ્ન કરવા પડશે - જો પરમ સુખ મેળવવું હોય તો.

રાજા - કાન ઉપર હાથ મૂકીને, સાહેબ ! શું બોલો છો ? તમારા મુખમાં લગ્નની વાત ! હું તો એમ વિચારતો હતો કે - મેં જીવનમાં બહુ સુખ ભોગવ્યું, જો હવે તમારો સમાગમ થાય તો મદનમંજરી, પરિવાર, રાજસુખ છોડી દીક્ષા લઈશ, આમ, હું સંયમ ગ્રહણની ભાવના રાખું છું ત્યારે તમે લગ્નની વાત કરો છો.

આચાર્યભગવંત - રાજન્ ! તારે અવશ્ય લગ્ન કરવા પડશે. બીજું, કાન ખોલીને બરોબર એક ધ્યાનથી સાંભળી લે કે - એક નહિ પણ દશ કન્યા સાથે લગ્ન કરવા પડશે. તે દરેકને દિલોજાન પ્રેમ કરવો પડશે. દિવસ-રાત તારે દશે દશ કન્યાને દિલથી પ્રેમ કરવો પડશે. તું જેમ વધુ પ્રેમ કરીશ તેમ વધુ સુખ મળશે.

રાજા - અત્યંત આશ્ચર્ય સાથે - દશ કન્યા ? દિલોજાન પ્રેમ ? ગુરુદેવ ! એક જ પર્યાપ્ત છે. આ એકને પણ છોડવી છે ત્યાં દશને પરણવાની વાત આપ કરો છો. મારું શું થશે ?

આચાર્ય ભગવંત - રાજન્ ! દીક્ષા સાથે દશ કન્યાને વિરોધ નથી. માટે, જો તને પરમ સુખની ઈચ્છા હોય તો મારી વાત માન.

રાજા - ગુરુદેવ ! મને કહો તો ખરા કે તે દશ કન્યાનું નામ શું, ક્યાં રહે છે ?

આચાર્ય ભગવંત - સાંભળ.

ચિત્તસૌન્દર્યનગરના શુભપરિણામ રાજા, તેની ક્ષાન્તિ અને દયા નામની ૨ દીકરી છે.

વિશદમાનસનગરના શુદ્ધાભિસંધિ રાજા, તેની ઋજુતા અને અચૌર્યતા નામની ૨ દીકરી છે.

શુભ્રમાનસનગરના શુભાભિસંધિરાજાની મૃદુતા અને સત્યતા નામની ૨ દીકરી છે.

શુભચિત્તપુરના સદાશયરાજાની બ્રહ્મરતિ અને મુક્તિ નામની ૨ દીકરી છે.

સમ્યગ્દર્શનસેનાપતિની માનસીવિદ્યા નામે તેમજ ચરિત્રરાજરાજાને નિરીહતા નામે દીકરી છે. આમ, આ દશ દીકરી છે. જોજો, ગુરુભગવંતની કલ્પનાદૃષ્ટિ. આ દશ કન્યાનું વર્ણન કરીને તેને પરણવા માટેના ઉપાયો બતાવે છે. આપણી ભાષામાં કહું તો વરપક્ષે કેવી લાયકાત હોવી જોઈએ, આ બધી જ વાતોનું બહુ સુંદર વર્ણન કર્યું છે.

આ છે સિદ્ધર્ષિમહારાજાની ભવ્ય કલ્પનાદૃષ્ટિ, લગ્નની વાત કરવા દ્વારા દીક્ષા લેવા માટે શું કરવું, દીક્ષા કેવી રીતે

સફળ કરી શકાય, પરમ સુખ કેવી રીતે મેળવી શકાય - આ દરેક વાતનું મઝાનું વર્ણન કર્યું છે.

ગુરુભગવંતના આ કલ્પનાવૈભવની તુલના જ અશક્ય છે. સમગ્ર ગ્રંથ આવી આવી અનેક ભવ્ય કલ્પનાઓથી મઢેલો છે. માટે જ આ ગ્રંથ અને ગ્રંથકાર અમર બની ગયા છે.

આ રીતે તત્ત્વચર્ચાની વાતો સાંભળી. હવે વ્યવહારુ વાતો વિષે વિચારીએ. અનેક વાતો છે, પરંતુ એકાદ પ્રસંગને માણીશું.

જેમણે શાસનના, લોકસમાજના લાભાર્થે કાર્યો કરવા છે, તેમણે ક્યારેય ફળની અપેક્ષા ન રાખવી, ન તો નાસીપાસ થવું. નિષ્કામભાવે કામ કર્યા પછી ફળ મળે તો સારું, આનંદ માનવો. જો ન મળે તો વીરપુરુષ, સજ્જન જનોને છાજે-શોભે તેવું કાર્ય કર્યાનો સંતોષ માનવો. પરંતુ આદર્યું-લીધેલું કામ છોડી ન દેવું જોઇએ. આ વાતને પોતાના દૃષ્ટાંતથી જ જણાવે છે.

પ્રથમ પ્રસ્તાવની વાત છે. ધર્મબોધકર નિષ્પુણ્યક ભિખારી-દ્રમ્મક પાસેથી ઠીકરું અને તેમાં રહેલ કદન્ન છોડાવવા ખૂબ પ્રયત્ન કરે છે, પરંતુ દ્રમ્મક તે છોડવા તૈયાર થતો નથી. છેવટે પરાણે વિમલાલોક અંજન તેની આંખમાં આંજી દે છે. ત્યાર બાદ બળાત્કારે તત્ત્વપ્રીતિકર જળ અને મહાકલ્યાણક ભોજન ખવડાવે છે. આ ત્રણ વસ્તુના યોગે-પ્રભાવે શાતા મળે છે, આનંદ પામે છે, છતાં પણ તે ભિક્ષુક કદન્ન ભોજનને છોડતો નથી. તથાપિ થાક્યા વિના, કંટાળો કે ઉદ્વેગ લાવ્યા વગર ધર્મબોધકર દ્રમ્મકને સમજાવવાનો પ્રયત્ન ચાલુ જ રાખે છે. ત્યારે લખ્યું કે -

महान्तमर्थमाश्रित्य यो विधत्ते परिश्रमम् ।
तत्सिद्धौ तस्य तोषः स्यादसिद्धौ वीरचेष्टितम् ॥

ગુરુભગવંતો આ માટે જ દરરોજ વ્યાખ્યાન આપે છે. અમને ખબર છે તમો બધા સંસારમાં ગળાડૂબ - આસક્ત છો. સંસાર છોડી શકવાના નથી. વર્ષોથી વ્યાખ્યાન સાંભળવા છતાં તમારામાં કોઈ સુધારો થયો નથી. છતાં ઉત્તમ કાર્ય કર્યાનો આનંદ પામીને જ ગુરુભગવંતો પ્રતિદિન વ્યાખ્યાન આપે છે.

સાતમા પ્રસ્તાવમાં ધર્મપ્રાપ્તિના ઉપાયો જણાવી રહ્યા છે. આપણે બધા જ આપણી જાતને મહાધર્મી, ઉત્તમ માનીને બેઠા છીએ. સામાયિક, તપ, ભક્તિ વિગેરે થોડીક આરાધના કરીયે છીએ તેથી આપણે આપણી જાતને ધર્મી સમજીને બેઠા છીએ. પરંતુ, આ તો માત્ર ભ્રમણા છે. સાચા અર્થમાં ધર્મી છીએ ? તે જાણવું હોય તો આ વાત સાંભળવા જેવી છે.

એક વાત સ્પષ્ટપણે સમજી લેજો કે આત્મિક ગુણોનો વિકાસ માનવીય ગુણોના વિકાસ વિના શક્ય નથી. આજે આત્માની, તત્ત્વની ઊંચી વાતો આપણે કરી રહ્યા છીએ પરંતુ નીતિ, કરુણા, સજ્જનતા, સરળતા, પ્રામાણિકતા વિગેરે પાયાના ગુણોનો તો જાણે ઉચ્છેદ જ થઈ ગયો જોવા મળે છે. દેરાસર-ઉપાશ્રયમાં પોતાના નામ માટે લાખો-કરોડો ખર્ચનારા નોકર-ચાકર સાથે તેમજ ધનના અભાવે પીડાતા માણસોની ઉપેક્ષા કરે છે, દયાશૂન્ય-કઠોર બની જાય છે. દેરાસર-ઉપાશ્રયમાં અહર્નિશ ત્રિકાલ ભક્તિ કરનારા જીવો બહાર જઈને કાળા-ધોળા, કકળાટ, કલેશ કરે, ગમે તેવા અપશબ્દો બોલે છે. આ બધું જોઈએ ત્યારે ગુરુભગવંતે બતાવેલ આ વાતો બહુ જ જરૂરી જણાય છે.

**सेवनीया दयालुता** – ધર્મ કરવાની પૂર્વ શરત છે કે તમારે તમારું હૈયું કોમળ રાખવું પડે. હૃદયમાં સૂક્ષ્મ જીવો પ્રત્યે પણ દયાભાવ હોવો જોઈએ. દયા એ તો ધર્મનું મૂળ

છે - આધાર છે. દયા વિના કરાયેલ ધર્મ તે તો મૂલરહિતના વૃક્ષતુલ્ય જાણવો. આ વાત ભારતના સર્વ દર્શનકારોને માન્ય છે.

કહે છે કે - दयानद्या महातीरे सर्वे धर्मास्तृणाङ्कुराः ।
तस्यां शोषमुपेयातां कियन्नन्दन्ति ते चिरम् ॥

**न विधेयः परपरिभवः** – મિત્ર કે દ્વેષી, નિંદક કે પૂજક હોય, વારંવાર તમારું અહિત જ કરતો હોય, આ બધાનો પણ તિરસ્કાર, દુર્ભાવ નહિ કરવો. સામાવાળો માણસ નબળો હોય, ગમતો ન હોય છતાં તિરસ્કાર કરવો ન જોઈએ. આ દુર્ગુણ અનેક સદ્‌ગુણોનો નાશક છે.

**मोक्तव्या कोपनता** – ગુસ્સો-આવેશ ન કરવો. જ્યારે આપણે ગુસ્સો કરીએ ત્યારે આપણે ધર્મથી દૂર છીએ, તે નક્કી સમજી લેવું. તમે તો ધર્મી, શ્રાવક, ત્યાગી, નિત્ય આરાધક પુણ્યાત્મા છો, તેથી ગુસ્સો આવે જ નહિ, બરોબર ને ! પરિવારના સભ્યો સાથે, નોકર-ચાકર સાથેનો તમારો વ્યવહાર, ગરમ ભાષામાં બોલાયેલા અપશબ્દો સાંભળીને ઘણીવાર પ્રશ્ન થાય કે.સવારે સોનાની થાળી લઈને પ્રભુપૂજા કરવા જતો હતો તે જ આ કે પછી બીજો ?

સાચું બોલજો - તમે શાંત કે ક્રોધી ? નિમિત્ત નથી મળ્યું ત્યાં સુધી તો આપણે બહુ જ શાંત. ભાઈ, તળાવમાં રહેલું પાણી બહારથી અતિ નિર્મલ દેખાય છે. પરંતુ પત્થર નાંખો એટલે અંદર નીચે રહેલ બધો જ કચરો બહાર આવે છે. પાણીને ગંદું કરી નાંખે છે. ત્યારે ખબર પડે કે પાણી ચોક્ખું કે ગંદું ? આપણી સ્થિતિ કંઈક આવી છે. છતાં આપણે બધા જ આપણી જાતને તો શાંત જ માનીએ છીએ. ખેર, ગુસ્સો આપણને શાસનથી વંચિત કરે છે.

ગીતામાં શ્રીકૃષ્ણભગવાન કહે છે -

क्रोधाद् भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात् प्रणश्यति ॥

**अभ्यसनीयो गुणानुरागः –** શત્રુ કે મિત્ર, સ્નેહી કે વિરોધી, કોઈ પણ વ્યક્તિનો ગુણ નજરમાં આવે કે હૃદયમાં આનંદ, અહોભાવ થવો જોઈએ. સાચું કહું તો આપણે સારું બોલી શકતા નથી, સારું જોઈ શકતા નથી, સારું કરી શકતા નથી. ગમે તેટલી સારી વાત જોયા પછી પણ ક્યાંકને ક્યાંક દુર્ગુણ, ખામી જ શોધવા પ્રયત્ન કરીએ છીએ. મગમાંથી કોરડું કાઢવાની ટેવ પડી ગઈ છે. તો પછી ગુણાનુરાગ કઈ રીતે પ્રગટે ?

ગુણનો રાગ છે કે વ્યક્તિનો રાગ ? તમે સફેદ વસ્ત્ર જોઈને વંદન કરવા જાવ કે વ્યક્તિનું મુખ, તેનું નામ સાંભળીને જાવ છો ? દેરાસર આવો, બોર્ડ વાંચો, નામ વાંચો, પછી લાગે કે હા, આ મહારાજનો પરિચય છે તો ઉપર ચઢો, બાકી રવાના ! આવું જ કરો છો ને ? આ ગુણાનુરાગ નથી, વ્યક્તિનો રાગ છે. આજે આપણો સમગ્ર સમાજ વ્યક્તિરાગી બની ગયો છે, હવે તો સેલીબ્રીટીપૂજક બની ગયો છે ! અને તેથી જ જૈન સમાજ નિસ્તેજ બની ગયો છે, દયનીય સ્થિતિમાં આવી ગયો છે. સમજી લેજો કે ધર્મના ક્ષેત્રમાં આત્મિક વિકાસ માટે જરૂરી છે ગુણાનુરાગ.

**न भाषणीयः परावर्णवादः –** બહુ જ સુંદર વાક્ય છે, પણ આપણું વાક્ય આનાથી વિરોધી છે. જ્ઞાનીનું વાક્ય છે - કોઈની નિંદા ન કરવી. અજ્ઞાનીનું (આપણું) વાક્ય છે - કોઈનું સારું ન બોલવું. કોઈનું સારું બોલવાની વાત આવે એટલે આપણી જીભ સિવાઈ જાય, અને નિંદા-ખરાબ બોલવાનું આવે એટલે જીભ તલપાપડ-ઉત્સાહી બની જાય. હરહંમેશ પારકી પંચાતમાં રમનારા આપણું શું થશે ?

**वर्जनीयो दुर्जनसंसर्गः** – દુર્જન માણસનો પરિચય ન રાખવો. કઠિન વાત છે. જાતને જ પૂછજો કે - સજ્જનની મિત્રતા ગમે કે દુર્જનની ? આપણી વાહવાહ, પ્રશંસા જ કરે, ભૂલોને પણ પંપાળે, ભૂલોને પણ સારી વાત તરીકે જ વખાણે, દેવ-ગુરુ-ધર્મની નિંદા કરનારાને સાથ આપે - આવું જે કરે તે દેખીતી રીતે સજ્જન હોવા છતાં દુર્જન જેવા જ છે. અને, આપણને આવા જ લોકો ગમે-ભાવે, બરોબર ને !

**यतितव्यं परार्थे** – હરહંમેશ અન્યને ઉપયોગી થવાની મનોવૃત્તિ કેળવવી. પરિચય છે કે નહિ, આણે તો મારું બગાડ્યું છે, આ તો મારા દુશ્મનનો મિત્ર છે - આવું કશું જ વિચાર્યા વિના જરૂર પડે અન્યને સહાયક બનવું જોઈએ. ઉપકારી મા-બાપ, ગુરુદેવો સાથે પણ સ્વાર્થભર્યો વ્યવહાર કરનારા આપણા માટે આ વાત બહુ જ કઠિન છે.

આવી ઘણી વાતો છે. હમણાં જે ગુણોની વાત કરી, તે ગુણો તમારા જીવનમાં પ્રગટ્યા હોય ત્યારે સમજવું કે ધર્મના માર્ગે પ્રવેશ કરવાની યોગ્યતા - લાયકાત મળી છે. બાકી, ભલે આપણે આપણી જાતને ધર્મી માનીએ, પણ તે બધી વાતો માત્ર ભ્રમણા છે.

આ ગ્રંથમાં નાની નાની પણ બહુ જ સુંદર વ્યાખ્યા આપી છે. એકાદ વિચારીએ.

ભવિતવ્યતા શબ્દ વારંવાર સાંભળવા મળે છે. તેમાં પણ બહુ ધર્મી જીવો પાસેથી તો ડગલે ડગલે આ શબ્દ સાંભળવા મળે છે. પરંતુ ભવિતવ્યતા એટલે શું ? તેની ખબર નથી. એવું સમજીએ કે - જે થવાનું હોય તે થાય જ, ફેરફાર ન થાય. સાચી વાત છે. પરંતુ ભવિતવ્યતાને કારણે તે સમયે અંતરંગ તેમજ બાહ્ય ફેરફાર થાય છે, તે નથી જાણતા. ઘણી વાર જોવા મળે છે

કે અત્યંત ધર્મી જીવો અંતસમયે અધર્મ આચરતા જોવા મળે, તો ઘણીવાર પાપી, અધર્મી જીવો અંતવેળા ધર્મશ્રદ્ધાલુ બને છે. આનું નામ ભવિતવ્યતા. તેની વ્યાખ્યા -

बुद्धिरुत्पद्यते तादृग् व्यवसायाश्च तादृशाः ।
सहायास्तादृशाश्चैव यादृशी भवितव्यता ॥

જેવી ભવિતવ્યતા હોય - જે ગતિમાં જવાનું હોય તે પ્રમાણે બુદ્ધિ પ્રગટે, તેવા પ્રકારના મનમાં અધ્યવસાય-ભાવો જાગે અને તે ભાવોને પરિપૂર્ણ કરનારા સહાયકો પણ મળે છે. કેવી મઝાની વ્યાખ્યા કરી છે.

બીજી વાત કરે છે. પ્રત્યેક જીવ દુઃખી છે. આર્થિક, સામાજિક, કૌટુંબિક, માનસિક, તો શારીરિક - કોઈક રીતે વ્યથિત છે. તેનું કારણ - અંતરંગ કારણ ધર્મ અને અધર્મ જ છે. કહે છે-

समस्तानामपि जीवगतानां सुन्दरविशेषाणां धर्म एवाऽन्तरङ्गं कारणं भवति ।

પ્રાપ્ત થયેલ બધી સારી વાતોનું કારણ છે ધર્મ જ.

सर्वेषामपि जीवगतानामशोभनविशेषाणामधर्म एवाऽन्तरङ्गं कारणं भवति ।

જીવનમાં જે કોઈ દુર્ઘટના બને, અશુભ થાય, તેનું અંતરંગ કારણ અધર્મ જ છે.

ભાઈ, ઓછા શબ્દોમાં પણ કેવી સુંદર વાતો કરી છે. આ ગ્રંથમાં આવી અનેક અનેક વાતો સંગૃહીત કરવામાં આવેલી છે. શું કહું તમને ? આ ગુરુભગવંતની દૃષ્ટિ સર્વતોમુખી છે, સર્વવ્યાપી છે. તેની વિગતવાર ચર્ચા કરી શકાય

તેમ છે પણ, તે અહીં સમયના અભાવે શક્ય નથી. ઉપર ઉપરથી વિહંગાવલોકન કરી જઈએ.

ઘણીવાર મનમાં થતું હતું, પરંતુ આ ગુરુભગવંતને વાંચ્યા પછી મનમાં સ્પષ્ટ થયું છે કે સાધુ પાસે જે દૃષ્ટિ છે, સાધુ જે જાણી શકે છે તે અદ્યતન સગવડો વચ્ચે રહેનારો ભણેલો માણસ પણ જાણી શકતો નથી. સમજજો - તમે દુનિયાના ખૂણે ખૂણે ફરનારા, ઈન્ટરનેટ, મોબાઈલ, ટી.વી. વગેરે અદ્યતન સાધનોની વચ્ચે રહેનારા છો. એમ કહું તો ચાલે કે આખું વિશ્વ તમારા હાથમાં છે - મોબાઈલ. છતાં તમારી પાસે જે જ્ઞાન હોય તેનાથી અનેકગણું જ્ઞાન ચાર દિવાલની વચ્ચે રહેનારા સાધુ પાસે છે. સાધુ પાસે નથી અદ્યતન સાધનો, નથી વૈશ્વિક વિહાર, નથી ધંધાદારી, રાજદ્વારી, પરદેશીઓ સાથે સમાગમ, છતાં માત્ર પુસ્તકને આધારે અનેક વિષયમાં પ્રભુત્વ મેળવી શકે છે.

બીજું, સ્પેશ્યલ ડિગ્રીઓ મેળવનાર ડોક્ટરને વ્યાપારની વાતો પૂછો તો ન આવડે. વ્યાપારીને મેડિકલની વાતો પૂછો તો ન આવડે. વકીલને મેડિકલની વાત પૂછો તો મીંડું. જે વિષયમાં ભણ્યા હોય તેટલું જ આવડે. તેની સામે આ ગુરુભગવંત મેડિકલ, વ્યાપાર, રાજનીતિ, યુદ્ધનીતિ, ધર્મ, વ્યવહાર, દર્શન, જ્યોતિષ-ઇત્યાદિ દરેક વિષયમાં નિષ્ણાત છે. સાધુ ઉપાશ્રયમાં રહીને પણ આ સમાજ, વિશ્વ ઉપર કેવો મહાન ઉપકાર કરે છે, તે વિચારજો. છતાં આજે સમાજમાં એક એવો નિંદક વર્ગ છે જે નિરંતર 'સાધુ સમાજને માટે ભારરૂપ છે, કામ ધંધો કરવો નહિ અને લોકોને ઉપદેશ આપ્યા કરવો - ઇત્યાદિ બોલીને સાધુને વગોવે, નિંદા કરે છે. આવું બોલો છો ને ? બોલતા નથી તો કોઈક બોલતું હોય તેની વાત તો સાંભળો છો ને ? તેની વાતમાં હાજી હા કરો છો ને ?' આવું બોલનારાને આ સિદ્ધર્ષિ

મહારાજાના ઉદાહરણથી સમજાવજો કે સાધુ સમાજ ઉપયોગી કેવાં મહાન કામો કરે છે.

આ ગુરુભગવંત **ન્યાય** (Logic) વિષય ઉપર પ્રભુત્વ ધરાવતા હતા. ચોથા અને આઠમા પ્રસ્તાવમાં તેમની ન્યાય વિષયક દૃષ્ટિનાં દર્શન થાય છે.

**દર્શન** - (ફીલોસોફી) - ચોથા પ્રસ્તાવમાં મિથ્યાત્વનું વર્ણન કરતી વખતે ન્યાય, વૈશેષિક, બૌદ્ધ વગેરે છએ દર્શનનું વર્ણન કર્યું છે. તેમાં પણ સેનાપતિ મિથ્યાદર્શનનાં પત્ની કુદૃષ્ટિદેવી છે. તેનાં પાખંડો બતાવવા સિદ્ધર્ષિ મહારાજાએ શાક્ય, ત્રૈદણ્ડિક, શૈવ વિગેરે ૬૦ થી વધુ પાખંડીઓની ચર્ચા કરી છે.

शाक्यास्त्रैदण्डिकाः शैवा गौतमाश्चरकास्तथा ।
सामानिकाः सामपरा वेदधर्माश्च धार्मिकाः ॥

आजीविकास्तथा शुद्धा विद्युद्दन्ताश्च चुञ्चुणाः ।
माहेन्द्राश्चारिका धूमा बद्धवेषाश्च खुंखुकाः ॥

બીજા ૭ થી ૮ શ્લોકોમાં અન્યમતોનાં નામો જણાવ્યા છે.

આ વાંચીએ ત્યારે જણાય કે આ ગુરુભગવંતને અન્ય દર્શનનો કેટલો વિશાળ અને ઊંડો અભ્યાસ હશે. તેઓશ્રીએ આ દરેક પંથ-મતોમાં ભેદ કયા કયા કારણથી પડે છે, તે દરેક મુદ્દાનું પૃથક્કરણ કર્યું છે. કહે છે કે દેવભેદ, વાદભેદ, કલ્પભેદ, વેશભિન્નતા, મોક્ષભેદ, વિશુદ્ધિભેદ અને વૃત્તિભેદ, આ સાત કારણોથી ભેદ પડે છે. આ વાતનું વિશદ વર્ણન અહીં કરવામાં આવ્યું છે.

આ સાત ભેદોની શોધ સિદ્ધર્ષિમહારાજાના નામે અકબંધ છે. આવી શોધ કોઈએ કરી નથી. આ છે તેમની દર્શન વિષયક બૌદ્ધિક પ્રતિભા.

**આયુર્વેદ** - અનેક વૈદક ગ્રંથોનો સાર અહીં મૂકવામાં આવ્યો છે. અનેક પ્રસંગો છે પણ, એક પ્રસંગ જોઈએ.

છઠ્ઠા પ્રસ્તાવની વાત છે. હરિકુમારને મદનજ્વર થાય છે. તેથી હરિકુમાર નિદ્રા લઈ શકતો નથી, નથી જમી શકતો, નથી શાંતિથી વાત કરી શકતો. બસ, પથારીમાં આળોટ્યા કરે છે. મન ભમ્યા કરે છે. કોઈ વાત કરે તો મન બીજે જ ભટકતું હોય છે. ત્યારે ધનશેખર વૈદ્યરાજને બોલાવે છે. રોગનિવારણનો ઉપાય પૂછે છે. તે વખતે વૈદ્યરાજ વૈદક શાસ્ત્ર કહે છે.

अजीर्णप्रभवा रोगास्तच्चाऽजीर्णं चतुर्विधम् ।
आमं विदग्धं विष्टब्धं रसशेषं तथापरम् ॥

आमे सदृशगन्धः स्याद्विदग्धे धूमगन्धता ।
विष्टब्धे गात्रभङ्गश्च रसशेषेऽन्नद्वेषता ॥

आमेषु वमनं कुर्याद् विदग्धे चाऽऽम्लकं पिबेत् ।
विष्टब्धं स्वेदनं कुर्याद् रसशेषे तथा स्वपेत् ॥

અજીર્ણ ચાર પ્રકારે છે. તેની નિશાની તેમજ તેને દૂર કરવાના ઉપાય જણાવે છે. આમ અજીર્ણ - જે વસ્તુ જમ્યા હોય તેના જેવી જ ગંધ આવે. વિદગ્ધ અજીર્ણ - ધૂમાડાની ગંધ જ આવ્યા કરે. વિષ્ટબ્ધ અજીર્ણ - શરીર તૂટે, આળસ આવે, બગાસાં આવ્યા કરે. રસશેષ અજીર્ણ - અન્ન ઉપર દ્વેષ - અરુચિ થાય. આહાર જોતાં જ મુખ બગડી જાય.

હવે, અજીર્ણને દૂર કરવાના ઉપાય બતાવે છે - આમ અજીર્ણ થાય તો વમન કરાવવું, પેટ સાફ કરાવવું. વિદગ્ધ અજીર્ણ થાય તો છાશ પીવડાવવી. વિષ્ટબ્ધ અજીર્ણ થાય તો શેક કરવો, નાશ લેવો. રસશેષ અજીર્ણ થાય તો ઊંઘી જવું.

વૈદક ગ્રંથોની જાણકારી સાથે ભાષા ઉપરનો કાબૂ અવર્ણનીય છે. ગુરુભગવંતની ખૂબી એ છે કે પ્રત્યેક વ્યાધિને જીવના વર્તન સાથે સરખાવી છે. ખરેખર, આ તો એક જબરજસ્ત ચમત્કાર જ ગણી શકાય તેવી વાત છે.

**જ્યોતિષ –** ફલાદેશ (એસ્ટ્રોલોજી) નું જ્ઞાન પણ હતું. રાશિ એટલે શું, તેના ગુણ શું, આ બધી વાત સાતમા પ્રસ્તાવમાં જણાવી છે. કહે છે-

મેષ રાશિમાં જન્મેલ બાળક નિરોગી, સ્ત્રીવલ્લભ હોય છે. આંખો સતત ચકળવકળ થતી રહે. વૃષભમાં જન્મેલ પવિત્ર, દાની, તેમજ ભોગ ભોગવનારો હોય છે.

સિંહ રાશિમાં જન્મેલ બાળક ક્ષમાવાન હોય છે સાથે ફરવાનો શોખીન હોય છે. મીન રાશિવાળો બાળક ગંભીર અને સેવાભાવી હોય છે.

આ રીતે દરેક રાશિનું ફળ જણાવ્યું છે.

તેવી જ રીતે **સામુદ્રિકશાસ્ત્ર, સ્વપ્રશાસ્ત્ર, નિમિત્તશાસ્ત્રના** પણ જ્ઞાતા હતા, જુદા જુદા સ્થાને આ બધી વાતો યોગ્ય રીતે જણાવી છે.

સિદ્ધર્ષિ મહારાજા **ધાતુવાદના** પણ જાણકાર હતા. તમારા રસનો વિષય છે. જમીનમાં, વૃક્ષ નીચે શું શું છે તે જાણવાની વિદ્યા. આજે પણ ગામડામાં એવા લોકો રહે છે જેઓ જમીન જોઈને કહી દે છે કે અહીંથી પાણી નીકળશે કે નહિ, આ વૃક્ષ નીચે સુવર્ણ છે. આવી વાતો પણ આ ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે.

नास्त्येव क्षीरवृक्षस्य प्रारोहो धनवर्जितः ।
स्तोकं वा भूरि वा तत्र ध्रुवं बिल्वपलाशयोः ॥

विद्धे तत्र भवेद् रक्तं यदि रत्नानि लक्षयेत् ।
अथ क्षीरं ततो रूप्यं पीतं चेत् कनकं भवेत् ॥

દૂધવાળા ઝાડ ધન વગરના હોય જ નહી. બીલી અને પલાશના વૃક્ષ નીચે અવશ્ય થોડું કે વધારે ધન નીકળે જ. હવે, જો બીલીના ઝાડને કાપતાં લાલ રંગ નીકળે તો રત્નો દાટેલા છે તેમ જાણવું. દૂધ જેવો સફેદ રંગ ફૂટે તો ચાંદી છે એમ સમજવું. અને પીળો રંગ નીકળે તો નીચે સોનું દાટેલું છે તે નક્કી જાણવું.

કેવી મનગમતી વાત છે. વાંચવાનું મન થાય તેવી વાતો છે ને ! વાંચશો તો ચોક્કસ લાભ થશે. ભૌતિક લાભ થાય કે ન થાય તેની ખબર નથી પરંતુ, આત્મિક લાભ તો અવશ્ય થશે જ, તેની ખાતરી આપું છું.

**રમૂજ વૃત્તિ** – આ ગુરુભગવંતની વૃત્તિ જોવા જેવી છે. જેવા જ્ઞાની, ત્યાગી, વૈરાગી, તપસ્વી છે તેવા જ રમૂજી - વિનોદી પણ છે. મોટે ભાગે જે જ્ઞાની, વૈરાગી છે તે રૂક્ષ, શુષ્ક, એકાંગી, હોય છે. તેની સામે ગુરુભગવંત પ્રસન્ન, વિનોદી વૃત્તિ પણ ધરાવે છે.

વૈરાગ્ય એટલે શું ? બરોબર સમજી લો. સંસારના અસાર પદાર્થો ઉપર આસક્તિ ન કરવી, તે પદાર્થો તરફ મનને ન લઈ જવું, તેનું નામ છે વૈરાગ્ય. જોજો, ક્યાંય નફરત, ઘૃણા, તિરસ્કારની વાત નથી કરી. કારણ નફરત-તિરસ્કાર તો દ્વેષના ઘરની વાત છે. છતાં આપણે વૈરાગ્યના નામે નફરત, તિરસ્કાર જ હરહંમેશ કરતા રહીએ છીએ. વૈરાગ્ય જીવનમાં પ્રસન્નતા, ઉદારતા પ્રસરાવે છે, નહી કે ઉદાસીનતા, ગમગીનતા, એકલતા.

વૈરાગ્યની શાસ્ત્રીય વ્યાખ્યા આ છે. પરંતુ આપણે વ્યાખ્યા જ બદલી નાંખી. આપણે વૈરાગી કોને કહીયે ?

જે કોઈ સાથે બોલે નહિ, પોતાનામાં જ મસ્ત રહે, અન્ય કોઈ વાતોમાં રસ ન લે. પરિવારના સભ્યો સાથે ન બોલે, ન

મળે, મેલાં કપડાં પહેરે, શુદ્ધ ગોચરી વાપરે, બરોબર ને ! વિશેષ એ કે જે સાધુ સ્ત્રી સાથે વાત ન કરે, ઉપાશ્રયમાં આવવા ન દે ! તે મહાન વૈરાગી ગણાય.

મને ખબર નથી પડતી કે સ્ત્રી આટલી નિમ્ન છે ? નફરતને યોગ્ય છે ? ભાઈ, તમે અને હું, અરે, આ ગણધર-તીર્થંકર પરમાત્મા છે આ સ્ત્રીના પ્રતાપે.

સિદ્ધર્ષિ મહારાજાના ઉદાહરણથી આ વાત આજના યુગમાં સમજવાની બહુ જરૂર છે. આ ભગવંત વૈરાગ્ય રસોદ્‌ગાતા-વૈરાગ્યપ્રણેતા કહેવાય છે. છતાં તેમણે સંસારની બધી જ વાતોનું રસપાન કરાવ્યું છે. બધા રસો સાથે શૃંગારરસનું વર્ણન પણ કર્યું છે. મારે કહેવાનું એટલું જ કે વૈરાગ્યને અને રમૂજ-હાસ્યને કોઈ વૈરભાવ નથી. બંને સાથે રહી શકે છે. આ ગ્રંથમાં અનેક પ્રસંગો રમૂજવૃત્તિના જોવા મળે છે. ચોથા પ્રસ્તાવની એક વાત સમજીએ.

નરવાહન રાજા છે. વિમલમાલતી નામે પટરાણી છે. તેમને રિપુદારણ નામે પુત્ર છે. રિપુદારણ અભિમાની, નાની ઉંમરથી જ ઉદ્ધત-ઉદ્દંડ હતો. શૈલરાજની મિત્રતા થઈ. તેને કારણે તેના દરેક વ્યવહારમાં અભિમાન દેખાતું હતું. તે મા-બાપ, દેવ-દેવીને વંદન નથી કરતો. વિદ્યાગુરુનો પણ વિનય નથી કરતો, અપમાન કરતો હતો. અધૂરામાં પૂરું - મૃષાવાદ મિત્ર બન્યો. તેને કારણે વર્તનમાં શઠતા, દુર્જનતા વધી અને સરળતા અલોપ થઈ ગઈ. ગમે તેવું અકાર્ય પણ સંતાડી દેતો હતો. મોટા મોટા અપરાધ કરીને પણ ભૂલની કબૂલાત કરતો નહિ, અને અન્ય ઉપર દોષારોપણ કરી દેતો હતો. છતાં તે સજ્જન તરીકે ઓળખાતો હતો.

રાજા 'મહામતિ' નામના કલાચાર્ય પાસે ભણવા લઈ

ગયા. પિતાજી કહે - બેટા ! વંદન કર, આ તારા ગુરુ છે. ત્યારે રાજપુત્ર આવેશમાં આવીને કહે - પિતાજી ! તમે બહુ ભોળા છો. મને આવી શિખામણ આપવી યોગ્ય લાગે છે ? આ બિચારો કલાચાર્ય શું મારા કરતાં વધુ જાણે છે ? એ મને શું ભણાવવાનો હતો ? એ ભલે મૂર્ખાઓનો ગુરુ બને પરંતુ આ મારો ગુરુ થવાને લાયક નથી. માટે વંદન તો નહિ કરું. છતાં તમારો આગ્રહ છે તો ભણવા જઈશ.

કુમારના વર્તનથી બધા જ ડઘાઈ ગયા. પિતા એકાંતમાં ગુરુને લઈ જઇ ક્ષમા માંગે છે. પુત્ર ઉદ્ધત છે, તો સહન કરીને તેને સારી રીતે અભ્યાસ કરાવજો. પિતાનાં વિનયયુક્ત વચનો સાંભળીને કલાચાર્ય રિપુદારણને ભણાવતા હતા.

શૈલરાજ અને મૃષાવાદ, આ બે મિત્રોના પ્રતાપે રિપુદારણ વધુ અવિનયી ઉદ્ધત બનતો ગયો. દિન-પ્રતિદિન ફરિયાદ વધતી ગઈ. વિદ્યાર્થીઓને મારતો હતો. આ રાજપુત્ર મહાપાપી છે, ભણાવવાને યોગ્ય જ નથી, એવું સમજતા હોવા છતાં કલાચાર્ય રાજાના આગ્રહથી ભણાવતા હતા. પણ હવે થાક્યા. એકવાર રિપુદારણે કલાચાર્ય સાથે ખૂબ ખરાબ વર્તન કર્યું, એટલે કલાચાર્યે તેને ઠપકો આપ્યો. રાજપુત્રે સામે તેમનું અપમાન કર્યું. તુરંત પગ પછાડતો અભ્યાસગૃહની બહાર નીકળી ગયો. રાજપુત્ર ત્યાંથી નીકળીને પિતાજી પાસે ગયો. પિતાજીએ તેને પૂછ્યું - બેટા ! શું અભ્યાસ ચાલે છે ? રિપુદારણ કહે - તાતપાદ ! ભાષાશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, અર્થશાસ્ત્ર વગેરે શાસ્ત્રો હું જાણતો જ હતો. તે જ વિષયોમાં વધુ પ્રગુણતા પ્રાપ્ત કરી. આજે મારા જેવો બીજો કોઈ વિદ્વાન વિશ્વમાં નથી. રાજા તો ખુશ થઈ ગયા. પીઠ થાબડીને ધન્યવાદ આપ્યા. અને કહ્યું - વત્સ ! વિદ્યાપ્રાપ્તિમાં ક્યારેય સંતોષ ન

રાખવો. માટે ત્યાં જઈ વધુ અભ્યાસ કર. રિપુદારણ કહે - જેવી આપની આજ્ઞા.

બન્યું એવું કે મૃષાવાદની મિત્રતાને કારણે રાજપુત્ર સર્વ કલાઓમાં નિપુણ બન્યો છે, એની ખ્યાતિ દેશ-દેશાન્તરમાં ફેલાઈ ગઈ. રિપુદારણ પણ યુવાન બન્યો. આ બાજુ શેખરપુર નગરના રાજા નરકેસરી હતા. વસુંધરા રાણી હતી. તેમને નરસુંદરી નામે સર્વકલા નિષ્ણાત પુત્રી હતી. તે પણ યુવાન બની. નરસુંદરીને પ્રતિજ્ઞા હતી કે જે રાજકુમાર કલાવિષયમાં મારાથી વધુ શ્રેષ્ઠતા પુરવાર કરી આપે તેને જ હું જીવન સાથી બનાવીશ. આ પ્રતિજ્ઞાને કારણે પિતા નરકેસરી મૂંઝાતા હતા. ત્યાં જ આ રિપુદારણની પ્રસિદ્ધિ સાંભળી. પુત્રીને વાત કરીને તુરંત જ નરવાહન રાજા પાસે પહોંચી જઈ બધી વાત કરી. પરસ્પર વિચારો કરી રિપુદારણની પરીક્ષા લેવાનો દિવસ નક્કી થયો. તુરંત ઢંઢેરો પીટાવવામાં આવ્યો.

નગરની બહાર વિશાળ મંડપ રચાયો. બધા જ નગરજનો આવ્યા. બંને પક્ષના રાજપરિવારો પણ બનીઠનીને આવ્યા. કલાચાર્ય પણ આવ્યા. સમય થતાં નરકેસરી રાજા પુત્રીને કહે - બેટા ! તું રાજકુમારને પ્રશ્ન પૂછી લે. રાજકુમાર તને જવાબ આપશે. પછી તારી પ્રતિજ્ઞા પૂર્ણ કરી અમારા આનંદમાં વૃદ્ધિ કર.

નરસુંદરીએ કહ્યું - गुरूणां समक्षं न युक्तं ममोद्ग्राहयितुम् । तस्मादार्यपुत्र एवोद्ग्राहयतु सकला कलाः । अहं पुनरेकैकस्यां कलायां सारस्थानानि प्रश्नयिष्यामि । तत्राऽऽर्यपुत्रेण निर्वाहः करणीय इति ।

વડીલો સામે પ્રશ્ન કરવો મને ન શોભે. માટે આર્યપુત્ર દરેક કળાનાં નામ જણાવે અને ટૂંકું વિવેચન કરે. મને જ્યાં

પૂછવાનું લાગશે ત્યાં પૂછીશ. રાજપુત્ર તેનું સમાધાન કરી આપે.

નરસુંદરીના વિનયથી સર્વ લોકો ખુશ થઈ ગયા. વાહવાહ થઈ ગઈ. નરવાહન રાજા રિપુદારણને કહે - બેટા ! રાજકુમારીએ બહુ જ સુંદર વાત કરી. તું કલાનું વિવેચન કર. કન્યાની આશા પરિપૂર્ણ કર. તારી કલાવિદ્વત્તા બતાવવાનો અવસર છે, આપણા કુલનો યશ વધારવાની આવેલી તકને વધાવી લે.

રાજાની વાત સાંભળીને રિપુદારણની હાલત જોવા જેવી થઈ ગઈ. તમને સભાની વચ્ચે બોલવાનું કહે તો શું થાય ? તમે ધ્રુજો કે માઈક ધ્રુજે ? ધરતી ભમે કે તમે ભમો ? મહા મહિનાની કડકડતી ઠંડીમાં પણ પરસેવો છૂટી જાયને ? લકવો થયો હોય તેમ દાંત, જીભ, શરીર - બધું જ કંપવા માંડે, બરોબરને ?

રિપુદારણનું શું થયું હશે ? કશું જ આવડતું નહોતું. તેમાં પિતા, ગુરુ, પ્રજાજનો, કન્યા સામે બોલવાનું ! કુમારની સ્થિતિ વિકટ બની ગઈ. આ વખતે સિદ્ધર્ષિ મહારાજાએ અત્યંત રમૂજભરી રીતે સરલ ભાષામાં બહુ જ મઝાનું વર્ણન કર્યું છે. લખે છે -

मम तु तदा कलानां नामान्यपि विस्मृतानि । ततो विह्वलीभूतमन्तःकरणं, प्रकम्पिता गात्रयष्टिः, प्रादुर्भूताः स्वेदबिन्दवः, सञ्जातो रोमोद्धर्षः, प्रनष्टा भारती, तरलिते लोचने ।

કેવી સરલ ભાષા છે. અર્થ સમજાઈ જાય તેવો છે. આ ગ્રંથની આ જ વિશેષતા છે. ગદ્ય-પદ્યાત્મક આ ગ્રંથ ખૂબ સરળ છે. ગ્રંથમાં માધુર્ય અને ગાંભીર્યયુક્ત જે શબ્દલાલિત્ય જોવા મળે છે તે પ્રાયઃ ક્યાંય જોવા નહીં મળે. ગ્રંથમાં ક્યાંય શબ્દપાંડિત્ય નથી. ન્યાય, દર્શન, વૈદ્ય, જ્યોતિષ વિગેરે કઠિન વિષયોની વાત કરતી વખતે પણ ક્યાંય પાંડિત્ય નથી જણાવ્યું, માત્ર ને

માત્ર લાલિત્ય, માધુર્ય જ શબ્દે શબ્દે જોવા મળે છે. ઘીથી લચબચતો ગોળનો શિરો મોઢામાં મૂકતાં જ ગળે ઊતરી જાય તેમ આ ગ્રંથ વાંચતા તુરંત જ અર્થ બેસી જાય.

કહે છે - મને બોલવાનું કીધું ત્યારે કળાનાં નામ પણ ભૂલી ગયો. હૈયું થર થર ધ્રુજવા લાગ્યું, હાથ-પગ કાંપવા લાગ્યા, શરીરે પરસેવો છૂટી ગયો, જાણે જીભ તો સીવાઈ જ ગઈ, આંખ ચકળવકળ થવા લાગી. વર્ણન લાંબું છે, પણ આપણો મુદ્દો આ છે કે ગુરુભગવંત કેવા રમૂજી હતા, તે જોવાનું છે. ગુરુભગવંતને શૈલરાજ એટલે અભિમાન અને મૃષાવાદ-જૂઠ બોલવાનાં માઠાં પરિણામો બતાવવાં છે તે વાત હસતા હસતાં કરી દીધી છે. આ જ નિપુણતા કહેવાય.

**વાણિજ્યવિદ્યા** – ગુરુભગવંત વ્યાપારની બધી રીત જાણતા હતા, તે જ રીતે બહુ જ સરસ રીતે વર્ણવી પણ શકતા હતા. છઠ્ઠા પ્રસ્તાવમાં જણાવે છે-

धनमेव जगत्सारं धनमेव सुखाकरम् ।
धनमेव जगत्श्लाघ्यं धनमेव गुणाधिकम् ॥

धनमेव जगद्वन्द्यं धनं तत्तत्वमुत्तमम् ।
धनं हि परमात्मेति धने सर्वं प्रतिष्ठितम् ॥

જગતમાં ધન જ શ્રેષ્ઠ છે, વન્દનીય છે, જાણે ધનમાં જ બધું સમાયેલું છે. એ રીતે ધનની મહત્તા બતાવી છે. તો હવે, ખૂબ ખૂબ ધન હોવા છતાં પુત્ર પરદેશ કમાવા જાય છે ત્યારે પિતા પોતાના પુત્રને જે સલાહ આપે છે તે વાંચવા જેવી છે. અનુભવી વેપારીના મુખમાં શોભે તેવી વાણી છે.

वत्स ! सुखलालितस्त्वमसि सरलः प्रकृत्या, दवीयो देशान्तरम्, लोकाः कुटिलहृदयाः, वञ्चनप्रवणाः कामिन्यः, भूयांसो दुर्जनाः, प्रयोगचतुराः धूर्ताः, मायाविनो वणिजकाः, दुरधिगमाः कार्यगतयः ।

तत्सर्वथा भवता क्वचित् पण्डितेन, क्वचिन्मूर्खेण, क्वचिन्निष्ठुरेण, क्वचित्त्यागिना, क्वचित् कृपणेन, परैरलब्धमध्यागाधदुग्धनीराधिधीरगम्भीरधिषणेन भवितव्यम् ।

દીકરા ! મેં તને ઘણા સુખમાં ઉછેર્યો છે, તું પ્રકૃતિથી સીધી લાઈનનો છે, દેશાંતર દૂર દૂર છે, લોકો વાંકા હૃદયવાળા છે, સ્ત્રીઓ છેતરવામાં નિપુણ હોય છે, દુર્જનો ઘણા છે, ધૂતારાનો પાર નથી, વેપાર કરનારા વાણિયા મહાકપટી હોય છે, કાર્યનાં પરિણામો જાણી ન શકાય તેવાં હોય છે. માટે વત્સ ! સમય જોઈને ક્યારેક પંડિત બની જવું, ક્યારેક મૂર્ખ બની જવું, ક્યારેક કઠોર બની જવું, ક્યારેક ત્યાગી બની જવું, તો ક્યારેક કંજૂસ બની જવું, અને ક્ષીરસમુદ્ર જેવા ઊંડા, ગંભીર અને શાંત બની જવું કે જેનું હૃદય કોઈ જાણી ન શકે તેવા બનીને રહેવું.

કેવી સુંદર શિખામણ છે. લાગે છે કે કોઈક પીઢ, અનુભવી વેપારી બોલે છે. પરંતુ આ વેપારી નથી મહાત્યાગી સિદ્ધર્ષિ મહારાજા છે. આ ગુરુભગવંતે આ ગ્રંથમાં લગ્ન વિષે પણ વાત કરી છે. સંમતિલગ્ન, પ્રેમલગ્ન, પરદેશલગ્ન, વિગેરે અનેકવિધ લગ્નોનું વર્ણન કર્યું છે. તો સાથે આત્મોન્નતિકારક ક્ષાન્તિ, દયા વિગેરે દશ કન્યા સાથેના લગ્ન પણ બતાવ્યાં છે. આ રીતે જોતાં એમ લાગે છે કે સિદ્ધર્ષિ મહારાજા લગ્ન વિષયમાં નિષ્ણાત છે. આ પ્રસંગો વાંચીએ ત્યારે તે સમયના રીતરિવાજનો ખ્યાલ આવે. કેવા કેવા મહોત્સવ થતા હતા. જોશી મહારાજાનું સ્થાન, માયરામાં કન્યાને બેસાડવી- ઇત્યાદિ ઘણી વાતોનો બોધ થાય છે.

હવે, તેમની પ્રતિભાનો એક નવો ઉન્મેષ જોવો છે. તેઓ **યુદ્ધનીતિના** પ્રબુદ્ધ જાણકાર હતા. આ સમગ્ર ગ્રંથમાં એક સંસારી

જીવની કથા છે. પ્રબલ મોહને કારણે જીવ સંસારમાં સદા ભટકતો રહે છે. તેથી તે મોહરાજા સાથે ચારિત્રરાજાનું યુદ્ધ બતાવ્યું છે. તે બતાવવા આ ભગવંતે સમગ્ર યુદ્ધનું નીતિશાસ્ત્ર ઠાલવી દીધું છે. યુદ્ધના ઢગલાબંધ પ્રસંગો છે. પણ, એક પ્રસંગ જોઈએ.

પાંચમા પ્રસ્તાવની વાત છે. ચારિત્રરાજનો પુત્ર સંયમ છે. તે મહાબલિષ્ઠ અને પરાક્રમી છે. એક વખત એવું બન્યું કે તે સંયમકુમાર એકલો બહાર નીકળ્યો છે. દૂરથી મહામોહરાજના સૈનિકો જુવે છે. જાની દુશ્મનને એકલો જોઈ મહામોહના સૈનિકોને શૂરાતન ચડે છે. બધા ભેગા થઈ સંયમને ખૂબ મારે છે, બાંધીને મહામોહરાજાની છાવણીમાં ઊપાડી જાય છે.

આ વાત ચારિત્રરાજની સભામાં પહોંચે છે. બધા જ લોકો આ સાંભળતાં જ ઊભા થઈ જાય છે. ખળભળાટ મચી જાય છે. હાહાકાર થઈ જાય છે. પ્રજાજનો યુદ્ધ માટે તૈયાર થવા હાકોટા પાડે છે. ત્યારે ચારિત્રરાજા પ્રજાને શાંત કરે છે. પોતે સ્પેશ્યલ કાઉન્સીલ (કેબીનેટ) બોલાવે છે. ચર્ચા ચાલે છે. વાતાવરણ અત્યુગ્ર બની ગયું છે. સત્ય, શૌચ વિગેરે કુમારો શત્રુને મારવા જવા તૈયાર થઈ જાય છે. સેનાપતિ સમ્યગ્‌દર્શન તો મ્યાનમાંથી તલવાર કાઢીને સજ્જ બની જાય છે. એક ઘા ને બે કટકા કરવાવાળો સેનાપતિ આવેશમાં આવીને કહે છે - હમણાં જ સૈન્યને લઈને જઈએ, પ્રજાજનો તૈયાર થઈ જાવ, કોની તાકાત છે કે હવે આપણને રોકે, ચલો, હમણાં જ મહામોહના સૈન્યને પરાસ્ત કરી આપણા રાજકુમાર સંયમને પાછા લઈ આવીએ, આપણી તાકાતનો એવો પરચો બતાવીએ કે ફરી વાર આવું દુઃસાહસ કરવાની હિંમત જ ન કરે.

આખી સભા સ્તબ્ધ છે. બધાનું લોહી ગરમ થઈ ગયું છે. બસ, ચારિત્રરાજા આજ્ઞા કરે તેની જ રાહ જોવાય છે. ત્યારે

રાજા મંત્રીશ્વર સદ્‌બોધ તરફ નજર કરે છે. હંમેશા સેનાપતિ આવેશવાળા અને ઉતાવળા જ હોય છે જ્યારે મંત્રીશ્વર ઠરેલ અને શાંત હોય છે. મંત્રીશ્વર મુત્સદ્દી, વિચક્ષણ, અને સમયજ્ઞ છે. તુરંત જ તેમણે બાજી સંભાળી લીધી. સમયસૂચકતા વાપરીને સેનાપતિના ઉત્સાહને પ્રોત્સાહન આપે છે, સાહસના તેમજ હિંમતના વખાણ કરે છે. સૈન્ય તેમજ પ્રજાજનોને તૈયાર થવાનો આદેશ પણ આપે છે. વાત કરતાં કરતાં ઠંડે કલેજે પાણી ફેરવે છે. કહે છે -

प्रस्तावरहितं कार्यं नारभेत विचक्षणः ।

સેનાપતિજી, તમારી વાત સાચી છે. પરંતુ યુદ્ધ કરવાનો અત્યારે સમય નથી. અવસર આવે શત્રુને જેર કરવો, તે જ યોગ્ય છે. અત્યારે તો સામાપક્ષે ખબર જ છે કે ચારિત્રરાજનું સૈન્ય આવશે, તેથી તૈયારી કરી જ લીધી હશે. થોડોક સમય રાહ જુઓ, અવસર આવે ઘા-પ્રહાર કરવામાં જીત મળશે. અન્યથા હારનો કડવો ઘુંટડો પીવો પડશે. આ રીતે પ્રજાજનોને શાંત કરી દીધા. આનું નામ વિચક્ષણતા, સમયસૂચકતા. આવી વાત તો યુદ્ધનીતિના નિપુણ પુરુષોના મુખમાં જ શોભે છે. તે પછી આ ગુરુભગવંતે યુદ્ધનીતિના ૬ ગુણો, ૫ અંગો, ૩ શક્તિ, ૩ ઉદયસિદ્ધિ, ૪ નીતિ, ૪ પ્રકારે રાજવિદ્યા - આ દરેક પ્રકારનું અતિવિશદ વર્ણન કર્યું છે.

આ બધી વાતો વાંચીએ ત્યારે 'અદ્‌ભુત' સિવાય કોઈ શબ્દ જ ન નીકળે.

**રાજનીતિ** – રાજનીતિના જાણકાર હતા. ગ્રંથમાં ઠેર-ઠેર રાજનીતિની વાત આવે છે. રાજ્ય ચલાવવા સામ-દામાદિ નીતિનો ઉપયોગ કરવો પડે છે. રાજ્ય સલામતી માટે પડોશી મિત્રો સાથે મૈત્રી રાખવી પડે છે. મોહરાજા રાજ્યરક્ષા માટે

જ્ઞાનાવરણીયાદિ ૭-૭ રાજાને મિત્ર બનાવી રાખે છે. રોગ થતાંની સાથે જ તેનો નાશ કરવો જોઈએ, તે જ રીતે ઊગતા શત્રુને તુરંત જ દાબી દેવો જોઈએ. આ બધી જ વાતો અહીં પ્રાપ્ત થાય છે. તેમાં પણ લશ્કરમાં સૈન્યને ભરતી કરવાની રીત વાંચો ત્યારે ગુરુભગવંતની કલ્પનાશક્તિ માટે ઓવારણાં લેવાનું મન થાય, તેવી વાત છે. આ કલ્પના દ્વારા ગૂઢ તત્ત્વજ્ઞાન જણાવ્યું છે.

સંસારનો ક્રમ છે. એક જીવ મોક્ષે જાય એટલે અવ્યવહાર રાશિમાંથી એક જીવ વ્યવહારરાશિમાં આવે. તેથી વ્યવહારરાશિની સંખ્યામાં હાનિ થતી નથી. આ સિદ્ધાંતને બહુ જ સુંદર રીતે પ્રગટ કર્યો છે.

આ ઉપરાંત, તે સમયના રિવાજો, મહોત્સવ ઉજવવાની રીત, ગુલામપ્રથા, આપઘાતની રીત, વિભિન્ન માન્યતાઓ, પુત્રપ્રાપ્તિની તીવ્ર ઈચ્છા, પતિને નચાવતી સ્ત્રીઓ, મેલી વિદ્યાના પ્રયોગો, તેમજ જરા, મૃતિ, જુવાની વિગેરેનું મનમોહક વર્ણન પણ જોવા મળે છે. આમ, આ ગુરુભગવંત સર્વતોમુખી પ્રતિભા ધરાવે છે. જ્ઞાની, ત્યાગી, વૈરાગી તો છે જ, પણ રાજનેતા, વેપારી, યુદ્ધનિતિજ્ઞ, જ્યોતિષી પણ છે.

છેલ્લે, વાત પૂરી કરતાં પહેલાં એટલું કહું કે - આપણે અનાદિકાળથી સંસારમાં ભટકીએ છીએ, હજુ કેટલો કાળ ભટકીશું, ખબર નથી. સાથે આ વાત આપણા હાથમાં પણ નથી. પરંતુ આજે આ વાતો સાંભળ્યા પછી નક્કી કરીએ કે આ ભવને પ્રથમ ભવ બનાવીએ. અને આ આપણા હાથની વાત છે. તો દુર્લભ એવું જિનશાસન મળ્યું છે, તેને સફળ બનાવી આત્મ કલ્યાણના માર્ગે આગળ વધીએ એ જ મંગલકામના.

# ઉપસંહાર

વિજયશીલચન્દ્રસૂરિ

ઉપમિતિ ભવ પ્રપંચા કથા. ભવ એટલે સંસાર. સંસારનો પ્રપંચ એટલે વિસ્તાર, કે પછી સંસારનો આપણો ભ્રમણ-વિસ્તાર. અનાદિ કાળથી આજ સુધી આપણું જે ભવભ્રમણ થયું એ ભવભ્રમણની સરખામણી એટલે ઉપમિતિ. ખરો શબ્દ તો અહીં 'ઉપમિત' છે. પણ લોકજીભે 'ઉપમિતિ' ચડેલું છે.

એક દ્રમક; ભિખારી; મારા જેવો; આપણા જેવો. એ આ કથાનો Hero - મુખ્ય પાત્ર. એ મુખ્ય પાત્ર તરીકે સિદ્ધર્ષિ પોતાને આલેખે છે. એ ભિખારી ક્યાં હતો ? ત્યાંથી કેવી રીતે ભવિતવ્યતાના યોગે, કાલપરિણતિના બળે કે પછી કર્મ પરિણામના જોરે એ કેવી રીતે જગ્યાઓમાં ઘૂમે ? એની ઉત્ક્રાન્તિ થાય.

પાછો એ ત્યાં સખણો ન રહે. છોકરો સખણો ન રહે અને નાપાસ થાય એટલે પાછો એને તેના તે જ ધોરણમાં - નીચે ઊતારી દેવામાં આવે એ રીતે, આ સખણો ન રહે એટલે એને પાછો નિગોદમાં ધકેલે. એમ સૂચવવા કે સીધો થઈ જા ! તને મનુષ્યગતિમાં ને પંચેન્દ્રિયના મહોલ્લામાં મોકલ્યો, પણ ત્યાં તું સખણો ન રહ્યો, એટલે હવે પાછો જા નીચે !

તમારી સોસાયટીમાં કોઈ છોકરો ગામડેથી રહેવા આવે. એ નહોતો ત્યારે જે ચેન-અમન હોય, તે એના આવ્યા પછી એક જ ધડાકે ભાંગીને ભૂકો કરી નાખે અને તમને ત્રાસ વર્તાવે, તો તમે શું કરો ? એને પાછો એ જ્યાં હતો ત્યાં જ રહેવા મોકલી દો ને ? આવું જ કાંઈક આપણા આત્માનું પણ છે. તો આ આખી કથા આત્માને - પોતાને કેન્દ્રમાં રાખીને લખાઈ છે.

એક રીતે જોઈએ તો આ આત્માની પ્રગતિની કથા છે. આત્મા ક્યાં હતો ? અનાદિ નિગોદમાં - અવ્યવહાર રાશિમાં હતો. ત્યાંથી નીકળીને વ્યવહારમાં આવ્યો. એકેન્દ્રિયના અનેક વિભાગ : પૃથ્વીકાય, અપકાય વગેરે. પછી બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય; પછી અસંજ્ઞી, પછી સંજ્ઞી. એમાં પણ અનેક યોનિ, અનેક કુળ, અનેક ગતિ, અનેક સ્થિતિ, આ બધી ભૂમિકાઓમાં ફેરવતાં ફેરવતાં ક્યારેક મનુષ્ય અવતાર આપ્યો. એમાં 'સદાગમ' જેવા મિત્રની મૈત્રી આપી. ગુરુભગવંતો 'તત્ત્વસંવેદન' જેવાં પાણી પીવડાવે. આમ, ઘણું બધું આવે આની અંદર. વાંચવા જેવી કથા છે.

મોતીચંદ ગિરધરલાલ કાપડિયા આપણા જૈન સંઘના અને ભારતના અગ્રગણ્ય સોલિસીટર હતા. મુંબઈ રહેતા. ભાવનગરના વતની. પંડિત કુંવરજી આણંદજીના ભત્રીજા. પૂજ્ય વૃદ્ધિચંદ્રજી દાદાના અને ગંભીરવિજયજી મહારાજના પરમ શ્રાવક. એમના ચરણો સેવીને એમણે ઘણું જ્ઞાન મેળવ્યું. આનંદઘનજીનાં પદો ઉપર ગંભીરવિજયજીએ વિવેચન કરાવ્યું અને ૫૦ નોટબુકો લખાવરાવી. રહસ્યો ખોલી આપ્યાં. એના ખાસ જાણકાર.

પાછા ભારતની સ્વતંત્રતાની ચળવળના લડવૈયા. એમાં એમને જેલ થઈ. ૧૯ મહિના અંગ્રેજ સરકારની જેલમાં ગયા. એ ૧૯ મહિનામાં એમણે આ 'ઉપમિતિ ભવં પ્રપંચ કથા',

'શાન્તસુધારસ' જેવા ગ્રંથોનો સઘન સ્વાધ્યાય કરી તે ઉપર ગુજરાતી વિવેચનો લખ્યાં. જગતનાં શ્રેષ્ઠ સર્જનો હંમેશા જેલમાં જ થતાં હોય છે. એ 'ઉપમિતિ' ગ્રંથના ચાર દળદાર ગ્રંથો એમણે આપણને આપણી ભાષામાં આપ્યા. વાંચવા જેવા ગ્રંથો છે. વસાવવા જેવા ગ્રંથો છે.

આ ગ્રંથના પાછળના આચાર્યોએ 'ઉપમિતિ સારોદ્ધાર' જેવા નામે સંક્ષેપ પણ કર્યા છે. ફક્ત ૧૫૦૦ શ્લોક જેટલા નાનકડા. તો ઉપાધ્યાય યશોવિજયજીએ 'ઉપમિતિ' - આધારિત બે ગ્રંથો લખ્યા છે. 'वैराग्यरति' અને 'वैराग्य कल्पलता' બન્ને ગ્રંથો શ્લોકબદ્ધ છે. અને સંક્ષેપમાં છે.

આ બધી વાતોના પાયામાં છે સિદ્ધર્ષિ ગણિમહારાજ. એમના વિષે હમણાં જે વાતો કહેવાઈ તેથી આજે તમને ઘણું જાણવા મળ્યું. હવે આપણે અહીં વિરામ લઈએ.

## શાસનસમ્રાટ ભવન ગ્રંથમાળાનાં પ્રકાશનો

- ગુરુગુણગાનમય પ્રવચનમાળા : સંપુટ ૧
  - ૧. શ્રીહરિભદ્રસૂરીશ્વરજીની સાહિત્ય-પ્રસાદી
  - ૨. શ્રીહેમચન્દ્રાચાર્યની સાહિત્ય-પ્રસાદી
  - ૩. સોમસુંદરયુગની સાહિત્ય-પ્રસાદી
  - ૪. હીરયુગની સાહિત્ય-પ્રસાદી
  - ૫. ઉપાધ્યાયજીની સાહિત્ય-પ્રસાદી
  - ૬. શાસનસમ્રાટ અને તેમના શિષ્યોની સાહિત્ય-પ્રસાદી
- આદર્શ ગચ્છ આદર્શ ગચ્છનાયક
- જયવંતું જિનશાસન
- शासनसम्राट् भवन की पुनित यादें
- ગુરુગુણગાનમય પ્રવચનમાળા : સંપુટ ૨
  - ૧. સિદ્ધસેન દિવાકરસૂરિ જીવન અને સાહિત્ય સર્જન
  - ૨. વૈરાગ્યરસના ઉદ્‌ગાતા શ્રીસિદ્ધર્ષિ ગણિ
  - ૩. જીવદયા જ્યોતિર્ધર શ્રીહેમચન્દ્રાચાર્ય
  - ૪. વસ્તુપાલના ઘડવૈયા ગુરુભગવંતો
  - ૫. સંવેગમાર્ગના પુનઃ પ્રવર્તક ત્રણ પંજાબી મહાપુરુષો

KIRIT GRAPHICS
09898490091